अनन्य परिवर्तन

vitraag vigyaan
May 2015, Mumbai
Volume 5, Issue 3



શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરનું
પૂર્વ ભારતનું પ્રથમ શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

પંચાન્હિકા મહોત્સવ, કોલકાતા - આગમન, પૂજા



અનુક્રમણિકા

પંચાન્હિકા મહોત્સવ, કોલકાતા	૩	અખાના છપ્પા	૩૬
પત્રોની પાંખે	૯	સોહામણું સત્ય	૩૮
મુમુક્ષુની કલમે	૧૦	પ્રેરક પ્રસંગ	૪૦
ભક્તિમાર્ગનું રહસ્ય	૧૩	Health To Happiness	૪૧
पूज्यश्री की अमृतवाणी	૧૯	The Reader's Forum	૪૩
The Master's Voice	૨૨	તત્ત્વ ઉકેલ	૪૫
જૈન ધર્મનો પગથાર	૨૬	Forthcoming Events	૪૬
અર્વાચીન જૈન જ્યોતિર્ધરો	૨૯	From Us... to You	૪૭
બાર ભાવના	૩૨	ઉત્તમ દાન - 'જ્ઞાનદાન'	૪૮
પ્રશ્નોત્તરી	૩૫		



Editorial

ઝગમગતા તારલાનું મંદિર હોજો, એમાં મારા કૃપાળુની પ્રતિમા હોજો...

પૂર્વ ભારતમાં કોલકાતા ખાતે પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રના પ્રથમ મંદિરની સ્થાપના પ્રસંગે પંચાન્હિકા મહોત્સવનું ભારે, દબદબાપૂર્વક અને મુમુક્ષુઓના અતિ ઉલ્લાસમય ભાવથી આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમદ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટરના નેજા હેઠળ, પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી અને પૂજ્યશ્રી નિલેશભાઈના માર્ગદર્શન હેઠળ પરિપૂર્ણ થયેલ મંદિરની પૂજ્યશ્રીના પાવન કરકમળ દ્વારા ઉદ્ઘાટન વિધિ સંપન્ન થઈ જેમાં ભારતભરના દરેક સેન્ટરના મુમુક્ષુઓએ ખૂબ જ ભાવપૂર્વક ભાગ લીધો હતો. આ પાવન પ્રસંગને આ અંકમાં વિસ્તારથી સમાવી લીધો છે.

અનાદિકાળથી જીવે પ્રેમના સાચા સ્વરૂપને સમજ્યા વગર જ માત્ર અંધશ્રદ્ધાથી વ્રત-તપ-નિયમ-સંયમ કરી માત્ર દોડાદોડી જ કરી છે. રત્નત્રયની એકતારૂપ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા સમજાઈ જાય તો આખો મોક્ષનો માર્ગ સમજાઈ જાય. શુદ્ધ પ્રેમ એટલે આત્મા અને પરમાત્માનું એકરૂપ થઈ જવું. પૂજ્યશ્રીના ભક્તિ માર્ગના વિવેચનમાં પ્રેમનું સૂક્ષ્મ સ્વરૂપ સમજવામાં આવે છે.

આવા નિર્મળ પ્રેમની સાક્ષાત મૂર્તિ એટલે પૂજ્ય મમ્મીજી. જે જે જીવો તેમના સંપર્કમાં આવ્યા તેમને પ્રેમ અને હુંફ આપી સત્માર્ગમાં સ્થિર કરાવ્યા. પોતાના સદ્ગુરુમાં જ પરમેશ્વર બુદ્ધિ સ્થાપિત કરી, અંત સુધી એમની આજ્ઞાનું અખંડપણે આરાધન કરનાર, મોક્ષમાર્ગના યાત્રિક પરમ પૂજ્ય મમ્મીજીને પ્રેમભર્યા વંદન.

પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન તથા આપ વાચક વર્ગના સહયોગથી ''અનન્ય પરિવર્તન'' જુલાઈ, ૨૦૧૫ના અંકથી ૯માં વર્ષમાં પ્રવેશ કરશે. આ પત્રિકા વધુને વધુ વિકાસ અને પ્રગતિ કરે એવી ભાવના સહ જય સદ્ગુરુદેવ વંદન !

Please renew your Annual Subscription of
Rs. 300/- for July 2015 to June 2016



પંચાન્હિકા મહોત્સવ, કોલકાતા

પૂર્વ ભારતમાં કોલકાતા મહાનગર મધ્યે સૌ પ્રથમ, ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ભવ્ય મંદિરના ઉદ્‌ઘાટનના પાવન અવસરે પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીના સાનિધ્યમાં પાંચ દિવસના વિવિધ પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનોને આવરી લેતાં પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. ગત ૨૫ વર્ષથી કોલકાતા મધ્યે પૂજ્યશ્રીના માર્ગદર્શન હેઠળ સત્‌ધર્મની આરાધના કરી રહેલાં મુમુક્ષુઓ માટે આ પ્રસંગ એક 'અપૂર્વ અવસર' સમો બની રહ્યો. સંસ્થાના વિવિધ સેન્ટર્સ જેમકે મુંબઈ, ટાટાનગર, બેંગલોર, પૂણે, ચેન્નઈ, રાજનાંદગાંવ, રાયપુર વગેરેથી પધારેલા મુમુક્ષુઓ સાથે કોલકાતા સેન્ટરના મુમુક્ષુઓને આ 'અપૂર્વ અવસર' પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીના સાનિધ્યમાં માણવાનો લાભ સંપ્રાપ્ત થયો. કોલકાતા મધ્યે ગત ત્રણ માસથી 'પંચાન્હિકા મહોત્સવ'ની તૈયારી ઉલ્લાસભેર સર્વ મુમુક્ષુઓ દ્વારા થઈ રહી હતી.



તા. ૧૭-૪-૨૦૧૫ના શુક્રવારથી તા. ૨૧-૪-૨૦૧૫ મંગળવાર સુધી ઉજવાયેલા 'પંચાન્હિકા મહોત્સવ' અંતર્ગત જૈન દર્શનના પાંચ મુખ્ય તત્વો - જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને મોક્ષને અનુલક્ષી વિવિધ પ્રકારના પરમાર્થમૂલક કાર્યક્રમોનું આયોજન કોલકાતાના ભવાનીપુર વિસ્તાર સ્થિત તેરાપંથ ભવનના વિશાળ વાતાનુકૂલિત હોલમાં કરવામાં આવ્યું. પંચાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે, શુક્રવારે સવારે ૭.૩૦ વાગ્યાથી જ તેરાપંથ ભવન મધ્યે મુમુક્ષુઓનો મેળો પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીના આગમનની પળને માણવા ભેળો થવા લાગ્યો હતો. સવારે ૯ કલાકે પૂજ્યશ્રીનું વાજતે ગાતે સ્વાગત કરવામાં આવ્યું. સંસ્થાના 'રાજ ઈન્ટરનેશનલ યુથ ફોરમ'ના યુવાન મુમુક્ષુઓએ પરમ કૃપાળુ દેવ રચિત પદ 'મૂળ મારગ સાંભળો જિનનો રે..' પર આધારિત એક નૃત્ય પ્રસ્તુત કરી પૂજ્યશ્રીનું ભાવભેર સ્વાગત કર્યું. ત્યારબાદ મુંબઈથી પધારેલ સંજયભાઈ શાહે પ્રાથમિક વિધિ દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરી 'જ્ઞાન' તત્વ અંતર્ગત આગમ પૂજા કાર્યક્રમનું સુંદર રીતે સંચાલન કર્યું જેમાં તેમણે જિનેન્દ્ર કથિત આગમોનું મહાત્મ્ય વિવિધ પ્રકારના ભક્તિ-પદો સાથે પોતાની આગવી શૈલીમાં રજૂ કર્યું. સર્વ આગમના સારરૂપ પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના જિજ્ઞાસુ જીવો પર લખાયેલ પત્રોના સંકલનરૂપ 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી'નું મહાત્મ્ય સમજાવતાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી નિતિનભાઈ અજમેરાએ કહ્યું કે, 'આ વચનામૃતજીના દરેક પત્રોમાં એટલું તત્વ ભરેલું છે કે મોક્ષમાર્ગની આરાધના કરતાં જીવની જ્ઞાન પિપાસાને સંપૂર્ણપણે સંતોષી શકાય અને પ્રત્યક્ષ આત્મજ્ઞાની પુરુષના આશ્રયે જો તેના રહસ્યોને સમજવામાં આવે તો યોગ્યતા પામેલા જીવની દ્રષ્ટિ ફરી અને મોક્ષમાર્ગની રૂચી ઉત્પન્ન થવામાં ઉત્તમ નિમિત્તકારણ થઈ રહે.' આગમ પૂજનમાં સર્વે લાભાર્થીઓ અત્યંત ભાવુકતાએ સહભાગી થયા અને ત્યાં ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓએ આ કાર્યક્રમમાં ઉપયોગપૂર્વક જોડાઈ કાર્યક્રમને માણ્યો. સાંજે



૬.૩૦ કલાકે દેવવંદન અને ભક્તિ બાદ આશરે ૭.૩૦ કલાકે 'પ્રી રેકોર્ડેડ ડિજીટલ સાઉંડ અને વિરાટ એલસીડી સ્કીન'ના માધ્યમો દ્વારા આત્માની અનંત શક્તિઓમાંની મુખ્ય ૨૦ શક્તિઓને દર્શાવતા એક અદ્‌ભુત કાર્યક્રમ 'આત્મ વૈભવ'નું આયોજન કરવામાં આવ્યું જેને ગુરુ-શિષ્યના સંવાદરૂપ એક સ્ક્રિપ્ટના આધારે કોલકાતાના સ્ટુડીયોમાં મુમુક્ષુઓ દ્વારા પોતાના અવાજમાં રેકોર્ડીંગ કરી સુંદર મજાના પાર્શ્વસંગીત સાથે મઢવામાં આવ્યું હતું. જીવને પોતાની આત્મિક શક્તિઓથી અવગત કરી, કર્મોના ઉદયે તેનો યથાયોગ્ય ઉપયોગ કરી મોક્ષમાર્ગે વિકાસ સાધવામાં આ કાર્યક્રમ એક પ્રેરણારૂપ બની ગયો. એનો શ્રેય દર્શનાબેન દોશીને જાય છે જેમણે આ કાર્યક્રમની સ્ક્રિપ્ટ તૈયાર કરી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ અત્યંત સરળભાષામાં આત્મિક શક્તિઓનું રહસ્ય સમજાવતાં કહ્યું કે **'આ બધી શક્તિઓ સિદ્ધ ભગવાનના આત્મામાં પૂર્ણપણે પ્રગટ થયેલી છે... અને આપણા બધાનાં આત્મામાં તે શક્તિઓનો અંશ હોવો જ જોઈએ.. પરિભ્રમણ કરતાં જીવની અંદર જે શક્તિ ન હોય તેને સિદ્ધ ભગવાન પણ ક્રિએટ ન કરી શકે..! આત્માની ઓળખાણ વગર એક અજ્ઞાની આત્માને આ શક્તિઓ સમજણામાં ન આવી શકે. આ શક્તિઓને જાણવા માટે પહેલાં તો આત્માને જાણવો જોઈએ..'** વળી આ જ વાતને વિશેષ સરળતાએ સમજાવતાં પૂજ્યશ્રી નિલેશભાઈ મહેતાએ કહ્યું કે, **'આ શક્તિઓનો આપણને અનુભવ છે પણ આત્માની ઓળખાણ ન હોવાને કારણે તે પ્રતીત નથી થતું કે આ શક્તિઓ આત્માની છે..'** આ જ વાતની પુષ્ટિ એક સચોટ ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે **'આપણે આપણી કેપેસીટી મુજબ વજનદાર વસ્તુ ઉપાડી અને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતાં જે થાક લાગે છે તે આ દેહને આપણે પોતાનો માન્યો છે એવી ભૂલને કારણે લાગે છે.. પણ ક્યારેય એવો વિચાર કર્યો છે કે હું આત્મા છું અને રોજ આ ૬૫ કિલોના દેહને ધક્કો મારીને ચલાવું છું તો ક્યારેય એનો થાક લાગ્યો ? ?.. જો આ સમજણ બેસી જાય કે હું આત્મા છું તો આત્માને ઓળખો કે ન ઓળખો પણ એ એની શક્તિ દ્વારા એનું કાર્ય ખૂબ સારી રીતે કરી શકે છે..!'**

તા. ૧૮ના શનિવારે સાંજના દેવવંદન બાદ મુંબઈથી પધારેલ મહેન્દ્રભાઈ શાહ અને રશ્મિનભાઈ શાહે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પૂજન કરાવ્યું. ભૂમિકારૂપે સૌ પ્રથમ તેમણે આ શાસ્ત્રનું મહાત્મ્ય તથા સાર સમજાવતાં કહ્યું કે 'આજનો દિવસ દર્શન એટલે બોધનો છે. આ આત્મસિદ્ધિ

શાસ્ત્ર, જૈન દર્શનના સર્વ આગમોના સારરૂપ સમ્યક્‌દર્શન એટલે બોધબીજની પ્રાપ્તિ કરાવી મોક્ષમાર્ગની પૂર્ણતા સુધી લઈ જઈ શકે, જો તેની પ્રત્યેક ગાથાઓનું રહસ્ય કોઈ આત્મજ્ઞાની સદ્‌ગુરુ પાસે સમજવામાં આવે...' ત્યારબાદ જુદા જુદા રાગમાં તેમાં રહેલાં મુદ્દાઓને અત્યંત ભાવવાહી શૈલીમાં પ્રસ્તુત કર્યાં. સર્વે મુમુક્ષુઓએ તેમની સાથે પ્રત્યેક ગાથાને બહુમાનપૂર્વક વધાવી આ પૂજનમાં સહભાગી થયા. વચ્ચે વચ્ચે તેમણે સુંદર ભક્તિના પદોની ગુંથણી કરી હતી જેને કારણે આશરે ત્રણ કલાક સુધી ચાલી રહેલાં આ પૂજનને સર્વેએ ઉલ્લાસપૂર્વક માણ્યું. આમ પંચાન્હિકા મહોત્સવ અંતર્ગત દ્વિતિય ચરણરૂપ 'દર્શન' તત્વની આરાધના કરી સૌ હોંશભેર છૂટ્ટા પડ્યા.

તા. ૧૯ના રવિવારે સવારે ૭.૩૦ વાગ્યેથી એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં સંસ્થાના મુમુક્ષુઓ તથા કોલકાતાના અન્ય જૈન સંપ્રદાયના ધર્મપ્રેમી શ્રાવકો પણ જોડાયા હતા. શોભાયાત્રાનો પ્રારંભ સવારે ૭.૩૦ વાગ્યે સંસ્થાના નૂતન મંદિરથી કરવામાં આવ્યો અને આશરે બે કલાક બાદ તેરાપંથ ભવન મધ્યે પૂર્ણ થયો. શોભાયાત્રામાં કોલકાતાના મુમુક્ષુઓએ ભાવપૂર્વક મહેનત કરી જુદી જુદી ઝાંખીઓનું આયોજન કર્યું હતું જેમાં પરમ કૃપાળુ દેવનું જન્મસ્થાન એટલે વવાણિયા, ભગવાન મહાવીર સ્વામીના જીવનના પ્રસંગો, સંસ્થાની રાજનગર, પરલી મધ્યે ચાલી રહેલી વિવિધ સેવાઓ, સ્પર્શ ભક્તિ ગૃપના ગાયકો દ્વારા ભક્તિ વગેરેનો સમાવેશ થાય છે. શોભાયાત્રા દરમિયાન મુમુક્ષુઓ ભાવાવેશમાં ઝુમી ઉઠ્યા હતાં અને પોતાના અંતરના આનંદ અને ઉમળકાને વચ્ચે વચ્ચે નૃત્ય વડે અભિવ્યક્ત કરી રહ્યા હતાં ! હોલમાં પહોંચ્યા બાદ કોલકાતા સેન્ટરના વિકાસને અનુલક્ષીને એક વીડીયો પ્રેઝન્ટેશન, વિશાળ એલીડીના પડદા પર સંગીતના માધ્યમે પ્રી રેકોર્ડેડ ઓડીયો સાથે પ્રસ્તુત કરવામાં આવી. આ સમયે અન્ય ધાર્મિક સંસ્થાઓના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતાં. ત્યારબાદ સંસ્થાના કોલકાતા સેન્ટરના પરમાર્થિક વિકાસમાં જે મુમુક્ષુઓનું બહુમુલ્ય યોગદાન રહ્યું તેઓને મંચ પર આમંત્રિત કરી તેઓનું બહુમાન કરવામાં આવ્યું. રાત્રે 'ચારિત્ર' તત્વને આવરી લેતાં ઉત્તમ મુમુક્ષુના દશ લક્ષણો પર આધારિત એક કાર્યક્રમ મુંબઈથી પધારેલ સંજયભાઈ શાહ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો જેમાં તેમણે દશ લક્ષણો ને સમજાવતાં ધર્મકથાનુયોગને આધારે જુદા જુદા દ્રષ્ટાંતો ભક્તિ-પદોને સથવારે પોતાની આગવી



શૈલીમાં રજૂ કરી સર્વેને મંત્રમુગ્ધ કરી દીધાં. રાત્રે ૯.૩૦ વાગ્યે પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પત્રાંક ૫૦૯ પર પરમ જ્ઞાનસભાનો લાભ સંપ્રાપ્ત થયો. જૈન દર્શનના બે મુખ્ય તત્વો જડ અને ચેતનના ભેદને દશાર્વતા આ પત્ર પર તેમણે વિશેષ પ્રકાશ પાડતાં કહ્યું, **'આત્મા અને કર્મનું ક્ષીરનીરવત્ એકપણું જણાય છે પણ ગુણે કરી બન્ને ભિન્ન છે... જેમ પ્રયોગે કરી ક્ષીર (દૂધ) અને નીર (પાણી) છૂટ્ટા પાડી શકાય છે તેમ આત્મા પર અમૂક એવા પ્રયોગો કરવામાં આવે તો તે કર્મો પણ આત્માથી છૂટ્ટા પાડી શકાય છે...!'** ધર્મક્ષેત્રે જીવથી થતી સૌથી મોટી ભૂલ પર પ્રકાશ પાડતાં કહ્યું, **'ધર્મને નામે જે કંઈ પણ કરતાં હોઈએ તેને ધર્મ આખી દુનિયા કહે છે પણ એ તો ૧૦૦ ટકા ખોટું છે! આજે લોકોને પોતે આત્મા છે એવી સમજણ ન હોવાને કારણે જે કંઈ પણ ધર્મ કરે છે તે આત્મા માટે નહીં પણ શરીર માટે કરે છે.. આ શરીરને વધારે અને વધારે સુખ કઈ રીતે મળે એ માટે લોકો ધર્મ કરે છે... આશ્ચર્યની વાત તો એ છે કે આ મનુષ્યભવની અંદર જીવ, બાકીની ત્રણેય ગતિઓના કર્મો બાંધી લે છે...'** કર્મ બંધનનું કારણ સમજાવતાં તેઓએ કહ્યું, **'ગમે તેવા મોટા દર્દનું હોવું તે અજ્ઞાન નથી પણ જ્યારે વેદના હાજર થાય ત્યારે તેના પ્રત્યે અત્યંત હાયવોય કે અવિષમપણું તે જીવનું અજ્ઞાન છે અને આવું જે અજ્ઞાન છે તે નવા કર્મબંધનનું કારણ છે.'**

તા. ૨૦ના સોમવારે સવારે ૯.૩૦ વાગ્યાથી સંજયભાઈ શાહ દ્વારા જૈન દર્શનમાં કહેલાં બાર પ્રકારના તપને ખૂબજ સુંદર રીતે દ્રષ્ટાંતો અને કથાઓ દ્વારા સમજાવવામાં આવ્યા; વચ્ચે વચ્ચે પોતાના સુમધુર કંઠે તે કથાનકો અને દ્રષ્ટાંતોને અનુલક્ષીને ભક્તિપદો પણ પ્રસ્તુત કર્યા. ત્યારબાદ પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીએ પરમ જ્ઞાન સભાનો લાભ આપ્યો. રાત્રે ૭.૩૦ વાગ્યેથી સ્પર્શ ભક્તિ ગ્રુપ દ્વારા 'પ્રેમથી પૂર્ણતા' વિષય પર ભક્તિ પ્રસ્તુત કરવામાં આવી. કોલકાતામાં સૌ પ્રથમવાર એલીડી સ્કીન પર ભક્તિના પદોની સાથે તેને જ અનુરૂપ વીડીઓ પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરવામાં આવી. ભક્તિના પ્રથમ ચરણમાં વૈરાગ્ય ઉપજાવે તેવા પદોથી વાતાવરણ અત્યંત શાંત થઈ ગયું; સર્વે ઉપસ્થિતજનો જાણે કે શાંતરસમાં સરી ગયા અને ત્યારબાદ અંતરમાં પ્રેમમય ભાવોનો ઉમળકો હોય, એક શિષ્યના અંતરમાં જે ઉલ્લાસ હોય તેને પ્રગટ કરતાં પદો પ્રસ્તુત થયા ત્યારે સર્વે મુમુક્ષુઓ અંતરના આનંદમાં ઝૂમી ઉઠ્યા. જેમ જેમ અંતરમાં પ્રભુ પ્રત્યે ભક્તિ વૃદ્ધિ પામે છે તેમ તેમ જીવ શાંત



થતો જાય છે, તે ભાવોને અભિવ્યક્ત કરતી એક ધૂનના માધ્યમે સ્પર્શના કલાકારો દ્વારા આ ભક્તિને પૂર્ણતાનો ઓપ આપવામાં આવ્યો. ભક્તિ પૂર્ણ થયા બાદ પંચાન્હિકા મહોત્સવ દરમિયાન સંસ્થાના દરેક કાર્યકર્તાઓનું બહુમાન કરવામાં આવ્યું.

તા. ૨૧ના મંગળવાર એટલે કોલકાતાના સર્વે મુમુક્ષુઓનું સ્વપ્ન સાકાર થવાની ઘડી આવી પહોંચી. ઉત્તમ મંચ મધ્યે સવારે ૮.૩૦ કલાકે સંસ્થાના મંદિરમાં ભગવાન મહાવીર સ્વામીની ભવ્ય પ્રતિમા અને તેમના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટ સ્થાપના મહોત્સવ અંતર્ગત, મહેન્દ્રભાઈ શાહ અને રશ્મિનભાઈ શાહ દ્વારા ભાવપૂર્વક પૂજનવિધિ કરાવવામાં આવી. પૂજનવિધિ બાદ પ્રતિમા અને ચિત્રપટને વાજતે ગાતે મંદિર મધ્યે લઈ જવામાં આવી. આ શોભાયાત્રામાં સર્વે મુમુક્ષુઓ તથા અન્ય સંપ્રદાયના અગ્રણીઓ પણ જોડાયા. સંસ્થાના નૂતન મંદિર મધ્યે હર્ષોલ્લાસસહ પ્રભુનું સ્વાગત કરવામાં આવ્યું અને સ્થાપનાની પવિત્ર વિધિ પૂર્ણ કરી પ્રતિમાજી અને ચિત્રપટની સ્થાપના કરવામાં આવી. ત્યાં ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ માટે આ પ્રસંગ એક 'અપૂર્વ અવસર' સમો બની રહ્યો; સર્વેની આંખોમાંથી હર્ષની અશ્રુધારા વહી રહી. રાત્રે ૭.૦૦ કલાકે મંદિર મધે દેવવંદન પૂર્ણ થયા બાદ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી સાથે સર્વે જોડાયા અને ભક્તિભાવપૂર્ણ આ મહાઆરતીનો લાભ લીધો. સર્વે મુમુક્ષુઓના અંતરમાં કંઈક અનેરો આનંદ છવાઈ ગયો હતો.

તા. ૨૨ના બુધવારે સવારે ૭.૩૦ કલાકે અન્ય મુમુક્ષુઓ સાથે પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી દ્વારા મંદિરની દ્વાર ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી. સર્વેએ સાથે મળી ભાવપૂર્વક નિત્યક્રમ બાદ પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી દ્વારા સર્વેને અપૂર્વ એવા પરમ સત્સંગનો લાભ સંપ્રાપ્ત થયો.

પૂર્વ ભારતમાં સૌપ્રથમ નિર્મિત થયેલાં પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના મંદિરનું સંપૂર્ણ શ્રેય શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર પરલીના સંસ્થાપક અને આત્મવિજ્ઞાની પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીને જાય છે. તેઓના માર્ગદર્શન હેઠળ સર્વે ટ્રસ્ટીગણ અને મુમુક્ષુઓના સાથ અને સહકારથી આ ભવ્ય મંદિર નિર્માણ થયું જેના દ્વારા સત્‌ધર્મની આરાધના કરવા ઈચ્છુક જિજ્ઞાસુ જીવોને ઘણો લાભ મળી રહેશે અને તેઓ પણ આત્મતત્વની આરાધના કરી પોતાના આત્માનું કલ્યાણ સાધી શકશે. ◆



પત્રોની પાંખે

નિજ ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

જીવે કરવા યોગ્ય તો ખરેખર દ્રઢ નિશ્ચય જ છે, પરંતુ નિશ્ચયની દ્રઢતા ટકતી નથી તે પૂર્વના સંસ્કારનું બળ છે. જીવે ગમે તેમ કરી તે પૂર્વના સંસ્કારોની....

૧. ઉપરવટ જવું જ જોઈએ.

૨. દ્રઢ નિશ્ચય સાથે અત્યંત કાળજીપૂર્વકની જાગૃતિની જરૂર છે. અખંડપણે લક્ષ રહ્યા જ કરે શું કરવા યોગ્ય છે અને શું નથી.



૩. આવો લક્ષ તો ત્યારે અખંડપણે રહી શકે છે જ્યારે પરપદાર્થના લક્ષને ખંડિત કરીએ. એટલે કે અત્યંત એવા ઉદાસીનતાના, ત્યાગના, વૈરાગ્યના ભાવો સહિત સંસારની ભજના સંસારને કાપવા અર્થે કરીએ. બીજા શબ્દોમાં સંતના ચરણમાં રહી જગતની વિસ્મૃતિ કરવી.

૪. ત્રણ દિવસ સાથે રહેવાના ભાવો છે. સુંદર, સરસ. ઈચ્છુ છું ભગવાન મને તેવું ભાગ્ય આપે કે રાત દિવસ સત્સંગી સાથે જ રહેવાનું થાય. પરંતુ ઉદય બળવાન છે. હાલ તેવો ઉદય ભાસ્યમાન થતો નથી. છતાં બને તો મને તો આનંદ જ છે.

એજ હરિ કૃપાએ જલ્દી જલ્દી પુરુષાર્થનો જય કરો. ◆

નામની સાર્થકતા

તરલા શેઠ, મુંબઈ

સંસારમાં ઘણીવાર આપણે જોયું છે કે વ્યક્તિનું જેવું નામ હોય તેવા ગુણો ન હોય. જેવી રીતે નામ હોય ધનજીભાઈ અને હોય સાવ કંગાળ અથવા તો નામ હોય મનસુખ પણ મનની સુખશાંતિ ન હોય. અહીં પૂજ્યશ્રી અને એમના પરિવારના સભ્યોના નામોની સાર્થકતા વિશે વાત કરીએ.

પરમ કૃપાળુ દેવની અસીમ કૃપાથી અદ્‌ભુત એવો મોક્ષનો માર્ગ જેમને સમજાયો છે અને અનુભવાયો છે, તે મોક્ષમાર્ગના રહસ્યો પિતા તરીકે નહીં પરંતુ માર્ગદર્શક બનીને એમના સંતાનો જે ખરેખર આત્માર્થી જીવો છે તેમને આપી રહ્યા છે એ નામોનું અવલંબન લઈ આપણે સહુ પૂજ્યશ્રીની અપૂર્વવાણીને સમજીએ.

પરમ પૂજ્ય પપ્પાજી (શ્રી પ્રવિણભાઈ) : સૌ પ્રથમ આપણે પૂજ્યશ્રીના નામનો જ વિચાર કરશું. એમનું નામ **પ્રવિણ** છે અને એમના પ્રાવિણ્યની વાતો, આપણે પૂજ્ય મમ્મીજીના મુખેથી અવાર-નવાર સાંભળી છે. અદ્‌ભુત વાક્‌પટુતા, ચતુરાઈ અને હાજરજવાબીપણાથી ભલભલાને હરાવી ધારેલું કામ તેમણે પાર પાડ્યું છે. તેઓ હંમેશા કહેતાં હોય છે કે પરમાર્થમાં કંઈ નવું નથી કરવાનું. સંસારમાં તમારી જેમ હોંશિયારી છે તેને ફક્ત આ બાજુએ કામે લગાડતા પરમાર્થમાં પણ તમને ઉત્તમ પરિણામ મળશે. આ યુક્તિને પોતાની પ્રવિણતાથી પરમાર્થમાં લગાડી અદ્‌ભુત એવી આત્મિક દશા તેમણે પ્રાપ્ત કરી છે. જે સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરે છે એ રીતે પૂજ્યશ્રીના યોગબળથી અનેક જીવો પોતાના આત્માનું કલ્યાણ કરી રહ્યા



છે. નામ પ્રમાણે દરેક કાર્યમાં પ્રવિણ અને અદ્‌ભુત પરફેક્શન પૂજ્યશ્રીના વ્યક્તિત્વમાં દેખાય છે.

રમાબેન (પત્ની): રમાનો અર્થ થાય છે 'સુંદર સ્ત્રી'. જેણે બાહ્ય સુંદરતાની સાથે આંતરિક સુંદરતાને પ્રાપ્ત કરી છે એ રમાબેન એટલે આપણા સૌના લાડીલા પૂજ્ય મમ્મીજી. પોતાના સંતાનોને તો સુસંસ્કારથી ઉછેર્યા, પરંતુ જે જે આત્માર્થી જીવો એમના સંપર્કમાં આવ્યા તેમને અદ્‌ભુત પ્રેમ અને હુંફ આપી તેમની મૂંઝવણ દૂર કરતા. પૂજ્યશ્રી પાસેથી કઈ રીતે આત્મધર્મની ઉંડી સમજણ લઈ દોષ દૂર કરવા એ પણ સમજાવી દેતા. આવી હતી તેમની નિઃસ્પૃહ કરૂણા અથવા તો પરમાર્થિક સુંદરતા. 'પતિ એ જ મારો પરમેશ્વર' એટલે કે સદ્‌ગુરુ એ જ મારા માટે ભગવાન છે, આવી અનન્ય પ્રેમભક્તિ સદ્‌ગુરુ (પૂજ્યશ્રી) પ્રત્યે હતી. પૂજ્યશ્રીના પગલે પગલે ચાલી, સંપૂર્ણ સાથ અને સહકાર આપી, આજ્ઞાનું આરાધન કરતા આત્માની સુંદરતાને પામ્યા. એમની શાંતતા અને મૌનતા સર્વ જીવોને આકર્ષતી હતી. આવા આત્મસુંદરી રમાબેને પોતાના નામ પ્રમાણે 'સુંદર સ્ત્રી' બની અને નામને સાર્થક કર્યું.

(સંતાનોના નામ પૂજ્યશ્રીની અપૂર્વવાણીને

સમજવા બોધરૂપે લીધા છે.)

નયના (પુત્રી): પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે બાહ્ય નયનોથી સુંદર દેખાતું જગત મિથ્યા છે, ભ્રાંતિ છે. જગતને અંતરચક્ષુથી જોવાનું છે. 'બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત'માં પરમ કૃપાળુ દેવ કહે છે કે અંતરચક્ષુ વિના આત્મા સમજાય નહીં અને તેને પામવા સદ્‌ગુરુ ચરણની સેવના કરવાની છે. એ સેવના કરવાથી સમ્યકદ્રષ્ટિ વિશેષ ખીલશે. જડ અને ચેતનનો વિવેક કરવાનો છે. પુત્ર, પુત્રી, પતિ વિગેરેને કર્મરૂપે માનવા માટે તો સમય લાગે પણ ખૂબ ઉંડાણથી ચિંતવન સાથે જોયા કરવું કે આ વિવેકમાં કેટલાં મોહના અંશો છે. જ્યારે જ્યારે વૃત્તિ શિથિલ થાય ત્યારે પરમ કૃપાળુ દેવના એક એક વચનનું એકનિષ્ઠાએ પાલન કરવું. આ રીતે ભેદજ્ઞાન બળવાન થશે. આ રીતે સમ્યક્‌દ્રષ્ટિ ખીલતાં મોક્ષ દૂર નથી, સમીપ જ છે.

કલ્પના (પુત્રી) : પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે અનેક ભવોથી જીવ પોતાની મતિ કલ્પનાએ ધર્મ કરે છે અને માને છે કે મારું કલ્યાણ થશે, પણ કલ્યાણ કોનું કરવું છે એ પણ જીવને ખબર નથી. આત્માને પણ કલ્પનાએ કરી વિચારીએ છીએ. સત્‌ની પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ તીવ્ર જીજ્ઞાસા જોઈએ. પરંતુ સંસારમાં એટલા ઓતપ્રોત થઈ જઈએ છીએ કે મારે આત્માનું કલ્યાણ કરવું છે એવો વિચાર માત્ર નથી આવતો. આત્માને ઓળખી મનુષ્ય જન્મ સફળ કરવો હોય તો સર્વોત્તમ નિમિત્ત તો જ્ઞાનીનું શરણ જ છે. જ્ઞાનીની છત્રછાયામાં રહીને પુરુષાર્થ કરવાનો છે. જ્ઞાની સંસાર નથી છોડાવતા, પણ સંસારભાવથી છોડાવે છે. માટે મતિ કલ્પનાને છોડી, આત્મજ્ઞાનીનો આશ્રય અને છૂટવાનો નિશ્ચય થશે તો મોક્ષ દૂર નથી સમીપ જ છે.

રેખા (પુત્રી): પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે ચોવીસ તીર્થંકરો અને અનંતા જ્ઞાનીઓએ સિદ્ધાલય સુધી પહોંચવા માટેની જે રેખા દોરી છે, અથવા તો મોક્ષનો માર્ગ બતાવ્યો છે તે માર્ગે આપણો આત્મા પણ યાત્રા કરી શકે છે. આખા મોક્ષમાર્ગનો મર્મ સત્પુરુષના હૃદયમાં રહેલો છે. પ્રત્યક્ષ જ્ઞાનીના



વચનો અને તેમની આજ્ઞાનું આરાધન તન-મન-ધનથી કરે તો જીવનું અવશ્ય કલ્યાણ થાય. આજ્ઞાના આશયને યથાર્થ સમજી, આવતા ભવમાં જ શ્રેણી માંડી શકીએ એવો પુરુષાર્થ કરી છેવટની દશાએ પહોંચવાનું છે એટલે કે મોક્ષ દૂર નથી સમીપ જ છે.

નિતા (પુત્રી): આત્માની નિત્યતાની જેને સમજ છે તે. પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે ''દેહ થી ભિન્ન હું આત્મા છું, નિત્ય છું,'' એ સમજણ છે તે બરાબર છે, પરંતુ આત્માના ગુણોને અનુભવમાં લેવાના છે અને તે ગુણો તો દેહાધ્યાસ છૂટ્યા પછી જ મળે. માટે ગમે તેવું શુભ કે અશુભ કર્મ હાજર થાય તો ભાગવાનું નથી, પરંતુ એ કર્મને અત્યંત સમતાભાવે વેદવાથી કર્મની નિર્જરા છે. જગતના જે જે જીવો પરિચયમાં છે, એ મારા કર્મ ભોગવવા માટેનું સાધન છે; એ સાધનની મારફત જો આત્મા કર્મની નિવૃત્તિ કરતો રહે, તો રાગ-દ્વેષ અવશ્ય ઓછા થઈ આત્મા બળવાનપણે આગળ વધી જશે. અંશમાત્ર દેહાધ્યાસ ન રહે, તેવો વિકાસ કરતાં રહેવાનું છે. આ રીતે 'આત્મા છું', 'નિત્ય છું' આ બે પદ બરાબર પાકા થઈ જાય તો ભવસાગર તરી ગયા છીએ એમ સમજજો. પછી મોક્ષ દૂર નથી, સમીપ જ છે.

નિલેશ (પુત્ર): નિલેશ એટલે આકાશ કે અવકાશ. પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે આકાશ કે અવકાશને કંઈ ચોંટતું નથી કે કંઈ સ્પર્શતું નથી. ગમે તેટલી અગ્નિ પેટાવો તો પણ અવકાશને ગરમી લાગતી નથી. તેમ સંસાર ભલે ત્રિવિધ તાપથી બળતો હોય

તો પણ આત્માને ઠંડકનો અનુભવ થવો જોઈએ; એટલે કે આત્માને સમાધિભાવમાં રાખવાનો છે. ભાવે કરીને જોડાણ ન થાય, અસંગ રહેવાય એવી પ્રેક્ટિસ કરવાની છે. સદ્‌ગુરુ સંસારમાં કેવી રીતે રહે છે એનું અવલોકન કરતાં કરતાં જીવને અદ્‌ભુત રહસ્યો સમજવામાં આવે છે. સત્પુરુષના આત્માના ગુણોનું ચિંતવન અને તેનો વારંવાર વિચાર થતો હોય તો એ બધા જ ગુણો ક્રમશઃ જીવની પોતાની અંદર પ્રગટ થાય. એમના જેવી અસંગતા, અલિપ્તતા, નિર્મોહીપણુ વિગેરે ગુણો પ્રાપ્ત કરી એમના જેવું થવું છે. વર્તનમાં આવતા ભલે વાર લાગે, પણ નિશ્ચય થવો જોઈએ કે જ્ઞાનીપુરુષ આટલો બળવાન પુરુષાર્થ કરી શકયા છે તો મારાથી પણ થશે જ. આ રીતે લક્ષ રાખીને, ઉપયોગે કરીને, તીક્ષ્ણ અવલોકન શક્તિથી સદ્‌ગુરુના જે લક્ષણો કે આત્મિક ગુણો હોય તેને જોયા કરવાથી અસંગદશાની પ્રાપ્તિ થાય, પછી મોક્ષ દૂર નથી, સમીપ જ છે.

ભાવના (પુત્રવધુ) : પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે જીવ કોઈપણ પ્રકારના ભાવ કરે, ભલે એ શુભ હોય કે અશુભ, એ દરેક ભાવ કર્મબંધનનું કારણ થાય છે જેથી સંસારમાં એનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. જે જીવને પરિભ્રમણથી છૂટી મોક્ષ માર્ગે ચાલવાની ભાવના છે એને સંસારથી નહીં પણ સંસારભાવથી છૂટવું જોઈએ. કોઈપણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેનો આસક્તિભાવ, મોહભાવ તૂટવો જોઈએ. પદાર્થને માત્ર જોયા કરીએ, એના માટે કોઈ ભાવ ન કરીએ તો કર્મબંધન નથી. પદાર્થના વિયોગે ખાસ વિચાર કરવો કે પરપદાર્થનો સંયોગ હતો તો આ આત્મા મૂર્ચ્છામાં હતો. જે નથી તે મને ક્યારે મળે? એવો વિચાર અને પછી તેને ટકાવવા માટે જે પ્રયત્ન કરીએ એ પરિગ્રહ છે અને નવું કરવાના ભાવ તે આરંભ છે. સંસારભાવથી, આરંભ - પરિગ્રહથી જેટલું છૂટાશે તેટલું આત્મભાવમાં રહેવાશે. આજ તો આખો મોક્ષનો માર્ગ છે. આ રીતે સંસારભાવનો ક્ષય કરી, આત્મભાવમાં વિશેષ રહેવાશે તો મોક્ષ દૂર નથી, સમીપ જ છે.

પ્રીતિ (પુત્રી) : પ્રીતિ એટલે પ્રેમ



પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે કે જગત જેને પ્રેમ કહે છે એ પ્રેમ નથી પણ રાગ છે અને જ્યાં રાગ હોય ત્યાં સ્વાર્થ અને અપેક્ષા રહેવાના. જીવ આવો લૌકિક પ્રેમ ભવોભવથી કરતો આવ્યો છે અને સંસારમાં પરિભ્રમણ કરતો રહ્યો છે. જેને પોતાના આત્માને પરમાત્મા કરવાનો લક્ષ છે એને અનન્ય એવી પ્રેમભક્તિ સજીવન, વિદ્યમાન સત્પુરુષ પ્રત્યે થાય તો મોક્ષનો માર્ગ સહજ, સરળ અને સુગમ છે. કોઈ ભવમાં ક્યારેય કોઈને ચાહ્યા નથી એટલી ચાહના, પ્રેમ જ્ઞાની માટે ઉત્પન્ન થાય અને લાગે કે આ જ્ઞાનીપુરુષે મારા માટે જ દેહ ધારણ કર્યો છે અને સાક્ષાત પરમાત્મા છે. આવી અનન્ય પ્રેમભક્તિ થવાથી દોષો મંદ થઈ કર્મનું છેદન થાય છે. અનેક ભવોથી પુરુષાર્થ કરવા છતાં જે રાગ-દ્વેષ, કષાય ઓછા થતાં નથી તે આવી અલૌકિક ભક્તિથી ચાલ્યા જાય છે. જ્ઞાનીના એક એક વચનને આત્મસાત કરવાના છે. આવો અનન્ય પ્રેમ એટલે કે બુદ્ધિની સોંપણી, શ્રદ્ધા એટલે કે હૃદયની સોંપણી અને અર્પણતા એટલે ઈચ્છાની સોંપણી જ્ઞાની પુરુષને પ્રત્યે કરવાથી અનાદિકાળનો અહમ સર્વથા નાશ પામે છે. લઘુતા, દિનતા, વિનય વગેરે ગુણો પ્રગટે છે અને જીવને લાગે છે કે બધું પ્રભુકૃપાએ, ગુરુકૃપાએ થયું. બસ, આ જ તો અકર્તાપણું છે. જેમ જેમ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવ વધશે ત્યારે આપણો આત્મા દ્રઢ વિશ્વાસથી કહેશે કે 'વોટ હી કેન હુ, આઈ કેન હુ' પછી મોક્ષ દૂર નથી, સમીપ જ છે.

આ રીતે પૂજ્યશ્રી એમના સંતાનોના નામરૂપે અલગ અલગ દ્રષ્ટિકોણથી મોક્ષનો માર્ગ સમજાવે છે. આ વચનોને ગંભીરપણે વિચારતા આત્માના અદ્‌ભુત રહસ્યો પ્રાપ્ત થશે. ◆

ભક્તિમાર્ગનું રહસ્ય

જિનેશ્વર ભગવાનની ભક્તિ રોમ રોમમાં ઉગવી જોઈએ અને સાક્ષાત એ ભગવાનના દર્શન થાય એટલે આત્માના દર્શન થાય તો એ ભક્તિ સાચા અર્થમાં સમજાણી છે અને આપણે કરી છે. ભક્તિ જો પ્રગટ થઈ ચૂકી હોય તો ખરેખર જ્ઞાની પુરુષની વીતરાગ મુદ્રાના દર્શનમાત્રથી જીવને આત્મજ્ઞાન થાય છે.



શ્રી કુંદકુંદાચાર્ય 'મોક્ષપ્રાભૃત' ગાથા બાવનમાં કહે છે, 'દેવ અને ગુરુની ભક્તિ કરનાર સાધર્મીઓ પ્રત્યે તથા સંયમી એવા જ્ઞાની પુરુષ પ્રત્યે પ્રેમ રાખનારા તથા સમ્યકત્વને ધારણ કરનારા યોગી ધ્યાનમાં લીન થાય છે.'

આત્મપ્રાપ્ત સદ્‌ગુરુના દર્શનમાત્રથી જીવને આત્મજ્ઞાન થાય છે. જેમના હૃદયની અંદર કોઈપણ એવી રહસ્યમય ગુઢ પ્રક્રિયા થાય છે એવા ગુરુ કહીએ, યોગી, સાધર્મી એવા સત્સંગીઓ જે ઊંચી દશા - આત્મજ્ઞાન પામેલા છે, એ જ્યારે ઊંડા ધ્યાનમાં હોય ત્યારે એમની મુદ્રા શાંત, સૌમ્ય દેખાય; એ ગુણોનું ચિંતવન, મનન કરતાં આંખ બંધ થઈ જાય, એ ગુણોના વિચારમાં ખોવાઈ જવાય એનું નામ ધ્યાન. આજે આખું જગત કોઈ બાહ્ય પદાર્થનું અવલંબન લઈ ધ્યાન કરે છે જે આત્મજ્ઞાન સુધી ન પહોંચાડે, આત્માના નામ સુધી પહોંચાડે.

આવી શાંત, સૌમ્ય મુદ્રા જોયા પછી ત્યાં એક જાતનું આકર્ષણ ઉત્પન્ન થાય; એ જોયાજ કરીએ અને અંદરથી પ્રેમ ઉભરાતો હોય, આ કેવું આશ્ચર્યકારક! પછી આંખ બંધ થઈ જાય. એ ગુણોના વિચારમાં બે-પાંચ-પંદર મિનિટ ઊંડા ઉતરી ગયા તો એ ધ્યાન થઈ ગયું. પરમ કૃપાળુ દેવ કહે છે કે એવા ધ્યાનમાં પ્રેમ સમાધિથી આત્મસમાધિ લાગી જાય છે. જ્ઞાનીના દેહમાં જે આત્મિક ગુણો દેખાય છે, એ ગુણોને જોઈ, આકર્ષણ ઉત્પન્ન થયા પછી એમાં જે રીતે લીન થવાય છે એ ધ્યાન

> જગતનાં કોઈપણ પદાર્થ કે પ્રાણી પ્રત્યે વિષમભાવનું ન હોવું અથવા કોઈપણ પ્રકારનો કોઈ પ્રત્યે દ્વેષભાવ, નકારભાવ, ધિક્કારભાવ, ઘૃણાભાવ ન હોવું, જે જેમ છે તેમ જાણ્યા કરવું એ પ્રેમ છે.

સહજાસહજ થાય છે. આત્માની સહજાસહજ સાચી ભક્તિ કરવાની રીત જીવને ખબર પડી જાય છે. આત્માના આ ગુણો મારામાં છે, મારે પ્રગટ કરવા છે, એ ગુણોનું ચિંતવન, મનન અને વિચાર, એ વિચારમાં ઊંડા ઉતર્યા, ધ્યાનમાં ગયા, બસ આવું ધ્યાન અવાર-નવાર લાગે તો આત્માનાં ગુણોનો અનુભવ ન થાય એવું ન બને.

''આચાર્ય દેવોના ઉપરોક્ત વચનોથી સ્પષ્ટ થશે કે ભક્તિ શબ્દમાં પ્રેમ અને શ્રદ્ધા અપેક્ષિત છે જ. શ્રદ્ધા વિનાનો પ્રેમ પાંગળો છે અને પ્રેમ વિનાની શ્રદ્ધા આંધળી છે, માટે જ કહ્યું છે કે સાચો પ્રેમ અને સાચી શ્રદ્ધા સાથે રહેવાના સ્વભાવવાળા અને પરસ્પર બળ આપી સહાયભૂત થનારા ઉત્તમ ગુણો છે.'' જ્યારે પ્રેમ પાંગરે છે ત્યારે શ્રદ્ધા પણ વિકાસ પામે છે. જેમ જેમ શ્રદ્ધા ઉચ્ચતર સ્તરને પ્રાપ્ત થતી જાય છે, તેમ તેમ પ્રેમામૃતનું શાંતિદાયક ઝરણ નિરાવરણપણે વેગથી વહે છે અને બન્ને સંપથી સાથે મળી જંપ વિના આવરણ - અંતરાયોને તોડે છે.

ઘણા બધા આચાર્યદેવોએ ધર્મની, ભક્તિની જે વ્યાખ્યા આપી છે એ જ પરમ કૃપાળુ દેવે પાને પાને આપણને કહી છે. હવે બહુજ અગત્યની વાત શું ? જે જીવ સમજવા માંગશે એને સ્પષ્ટ સમજણમાં આવશે કે ભક્તિ શબ્દની અંદર પ્રેમ અને શ્રદ્ધાના ભાવો અપેક્ષિત છે જ. જ્યાં ભક્તિ કહીએ ત્યાં પ્રેમ અને શ્રદ્ધા બન્ને હોવા જોઈએ, એકલો પ્રેમ હોય તો પણ ન ચાલે, એકલી શ્રદ્ધા હોય તો પણ ન ચાલે.

શ્રદ્ધા વિનાનો પ્રેમ પાંગળો છે અને પ્રેમ વગરની શ્રદ્ધા આંધળી છે.

સંસારમાં જેટલો પ્રેમ કોઈ વ્યક્તિ પ્રત્યે હોય એનાથી વિશેષ પ્રેમ જેની આપણે ભક્તિ કરીએ છીએ એવા જે ભગવાન-જિનેશ્વર, મહાવીર કે રામ, કૃષ્ણ કહીએ એનાં પ્રત્યે હોવો જોઈએ. આવો પ્રેમ છે ? જો આવો પ્રેમ ન હોય તો આ શ્રદ્ધા તો સાવ નકામી છે એટલે કોઈ ભવમાં મારું, તમારું કલ્યાણ ન થયું ને ? તો પણ ભવોભવ સુધી જિનેશ્વરની ભક્તિ કર્યા કરીએ છીએ.

ભક્તિની અંદર લૌકિક નહીં, અલૌકિક પ્રેમ- જ્યાં સર્વસ્વ આપણે આપવાનું છે; ભગવાન તમે જેવા થયા એવો હું કેવી રીતે થાઉં, સર્વ કર્મથી રહિત અથવા નિર્વાણનું કારણ થાય એ સિક્રેટ મને સમજાવો. જિનેશ્વર ભગવાનને ક્યારેય આવી રીતે પૂજ્યા છે ? સંસારના કોઈપણ જીવ કરતાં વધારે એના પ્રત્યે ભક્તિ ક્યારેય ઉગી છે ? પદાર્થને ઓળખીએ ત્યારે શ્રદ્ધા સાચી કહેવાય; ઓળખ્યા વગર તો અંધશ્રદ્ધા કહેવાય, તો વિચાર કરવા જેવું નથી લાગતું ? કેટલાંય ભવોથી મહાવીર અથવા જિનેશ્વરની ભક્તિ કરીએ છીએ; ન તો ભક્તિ શબ્દનો અર્થ ખબર છે, ન તો પ્રેમનો. ભક્તિની અંદર અલૌકિક એવો નિષ્કામ પ્રેમ જે સંસારમાં કોઈપણ પદાર્થ કે પ્રાણી પ્રત્યે ન હોય એટલો પ્રેમ એમના પ્રત્યે હૃદયની અંદર ઉમડતો હોય. ચોવીશે કલાક પૂર્વકર્મ ભોગવતા રહીએ તો પણ હૃદયમાં પ્રેમ તો રહી શકે છે. પ્રેમના સાચા સ્વરૂપને ક્યારેય કોઈ ભવમાં સમજેલું જ નથી. ફક્ત અંધશ્રદ્ધાથી વ્રત, તપ, નિયમ, સંયમ, દોડાદોડી કરેલી છે. જે આત્મા આપણા પોતા પાસે છે, જે સહજપણે પ્રગટ થાય એટલો સહેલો હોવા છતાં એ દિશામાં સાચો પુરુષાર્થ થઈ નથી શક્યો.

જ્ઞાનીના દેહમાં જે આત્મિક ગુણો દેખાય છે, એ ગુણો પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન થાય, પછી એમાં જે રીતે લીન થવાય છે એ ધ્યાન સહજાસહજ થાય છે.

જે પદાર્થ ને જેમ છે એમ જાણીએ, એને વિશે કોઈપણ વિષમભાવ ન હોય એનું નામ પ્રેમ છે. આપણે બધા જેને ભવોભવથી પ્રેમ સમજીએ છીએ એ સાક્ષાત પ્રેમ નથી, એ પ્રેમ ચેષ્ટા છે, દેહથી કંઈક કરવું.

જેમ જેમ પ્રેમ પાંગરે છે, શ્રદ્ધા પણ વિકસે છે.

જે પદાર્થ જેમ છે તેમ સહજપણે જાણ્યા કરીએ એ પ્રેમ અને જે પદાર્થ જેવો છે એવો પૂરેપૂરો જાણીએ એનું નામ શ્રદ્ધા છે. જેટલો પ્રેમ છે એટલી શ્રદ્ધા છે, જેટલી શ્રદ્ધા છે એટલો પ્રેમ છે.

આત્મા સાક્ષાત પ્રેમ છે. અત્યારે આપણે પ્રેમી હોઈએ તો આત્મા અને પરમાત્માનું એકરૂપ થઈ જવું, પ્રેમીમાંથી પ્રેમ થઈ જવાનું બસ! એ પ્રેમને કોઈ આવરણ હોતું નથી. અખંડપણે નિરંતર એકધારાએ ધોધ ચાલતો હોય એવી રીતે આત્માની અંદર આ ગુણ એકવાર પ્રગટ થાય તો પછી ભવોભવ સુધી આ ગુણ હાજર રહે છે. જગતનાં કોઈપણ પદાર્થ કે પ્રાણી પ્રત્યે વિષમભાવનું ન હોવું અથવા કોઈપણ પ્રકારનો કોઈ પ્રત્યે દ્વેષભાવ, નકારભાવ, ધિક્કારભાવ, ઘૃણાભાવ ન હોવું, જે જેમ છે તેમ જાણ્યા કરવું એ પ્રેમ છે. આ લૌકિક સંસારમાં જે કરીએ છીએ એ પ્રેમ ચેષ્ટા અને પ્રેમીની ચેષ્ટા એમ સમજવું.

પ્રેમ અને શ્રદ્ધાનું શુદ્ધ અને સત્ય સ્વરૂપ આગળ કહેવામાં આવશે, દરમિયાન અહીં પ્રેમ અને રાગના અર્થોમાં શું તફાવત છે તે અવલોકી જવાનું ઉચિત જણાશે.

જૈનદર્શન જેને સમ્યકજ્ઞાન કહે છે એ પ્રેમ છે, સમ્યકદર્શનનું બીજું નામ છે શ્રદ્ધા, સમ્યકચારિત્રને અર્પણતા કહીએ. જેને પ્રેમ કરીએ છીએ એની ઉપર વિશ્વાસ રાખીએ છીએ, એ જેમ કહે તેમ આપણે કરીએ છીએ, આ થઈ અર્પણતા. જ્ઞાન-દર્શન-ચારિત્ર આ ત્રણે ગુણોને આત્મા ઉપર ફીટ કરવાના છે. ભવોભવની જે ટેવ છે એને કામે લગાડવાની છે, કંઈ નવું શીખવાનું નથી. ચોક્કસ કહીએ છીએ રત્નત્રયની ઐક્યતારૂપ આ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા જો સમજાઈ જાય તો આખો મોક્ષનો માર્ગ ચોક્કસ સમજાયો છે એમ માનજો.

પ્રેમ એ પરમ મિત્ર છે. રાગ એ ગુપ્ત શત્રુ છે. પ્રેમ અનાસક્તિનો દ્યોતક છે; રાગ આસક્તિનો પોષક છે. પ્રેમ નિઃસ્વાર્થ અને નિસ્પૃહ છે; રાગ સ્વાર્થી અને સ્પૃહાવાળો છે. પ્રેમ કર્મબંધનથી છોડાવે છે; રાગ કર્મબંધને આકર્ષે છે. પ્રેમ ભવકટ્ટિ કરવામાં કુશળ છે; રાગ ભવવૃદ્ધિ કરવામાં સફળ છે. પ્રેમ ચારિત્રનું ઘડતર કરે છે, રાગ ચારિત્રને નડતર કરે છે. પ્રેમ પરનો ભોગ આપવામાં નિરંતર તત્પર છે; રાગ પરનો ઉપભોગ કરવા સતત અનુરક્ત રહે છે. પ્રેમ અમૃતસ્વરૂપ છે; રાગ વિષસ્વરૂપ છે. પ્રેમ સ્થિર સ્વભાવી છે; રાગ અસ્થિર સ્વભાવી છે.

પ્રેમ એ પરમ મિત્ર છે. રાગ અથવા સ્નેહ એ ગુપ્ત રહેલો મહાન શત્રુ છે. જીવને જેના ઉપર રાગ છે એની પાસેથી અપેક્ષા રહ્યા જ કરે છે. ઋણાનુબંધના સંબંધથી જેના પ્રત્યે બહુ જ રાગ છે તો દ્વેષ પણ એની અંતર્ગત સમાઈ જાય છે. નિરંતર એ રાગ અને દ્વેષના ભાવ ચાલ્યાજ કરે છે.

આત્માને જે બંધન કરે એવા બધાજ કષાયો - ક્રોધ, માન, માયા, લોભ એ ગુપ્ત શત્રુ છે. આત્માને કર્મ બંધનથી છોડાવે એ બધા મિત્ર.

જ્યાં રાગ છે ત્યાં કન્ડીશન હશે જ આમ

ચેતન નામનો પદાર્થ પોતાની જાતને ભૂલી જઈ પર એવા જડ પદાર્થો પ્રત્યે તીવ્ર આસક્તિ, મોહભાવ કરી એ ગ્રહણ કરવા જે કંઈપણ કરે એ બધો સ્વાર્થ કહેવાય.

કરવાનું, આમ નહીં કરવાનું. આમ રાગથી સામો જીવ જ્યારે બંધાય છે ત્યારે કહી ન શકતો હોય તો મનમાં કચકચ કરી, આર્તધ્યાન કરીને કર્મ બાંધે છે. જ્યાં પ્રેમ છે ત્યાં સ્વતંત્રતા છે. એ વ્યક્તિ ગમે તે કરે એ આપણને ગમવું જોઈએ; બેવફાઈ પણ ગમવી જોઈએ જે આ દુનિયામાં કોઈ માનવા તૈયાર ન થાય. મોક્ષનો માર્ગ સંસારના માર્ગથી સાવ જુદો છે !

પ્રેમ આત્માનો મિત્ર છે એટલે કે કર્મથી આત્માને છોડાવે છે. હવે જ્યાં રાગ કે દ્વેષ બન્ને ન હોય અને સામી વ્યક્તિ જે કંઈપણ કહે છે એ એના કર્મને અનુરૂપ વર્તે છે એવી સમજણ હોય છે. ઉદયના કારણે, ઋણાનુબંધના કારણે જેની સાથે જે થવાનું હોય એ થઈને રહે, જે કંઈપણ કહેવાનું હોય એ કહેવાઈ પણ જાય, પાછળથી હૃદયમાં કંઈ ખેદ ન રહે, કંઈ અસર ન થાય અને સહજપણે ક્રિયા થાય તો એ કર્મબંધનનું કારણ ન થાય. એવો સાચો પ્રેમ થાય તો કોઈપણ જીવના દોષ દૃષ્ટિમાં ન આવે અને દોષ જો દૃષ્ટિમાં ન આવે તો કર્મબંધનનું કારણ ન જ થાય.

પ્રેમ એ અનઆસક્તિનો દ્યોતક છે, રાગ એ આસક્તિનો પોષક છે.

સંસારની રીતે જ્યાં પ્રેમ છે એ જગ્યાએ કંઈક ને કંઈક એના પ્રત્યે આકર્ષણભાવ, આસક્તિ, મોહભાવ રહેશે. આપણને બધાને ખબર છે કે આપણા કુટુંબીજનમાં કોઈ વધારે બિમાર થાય તો કેટલી ચિંતા થાય; કોઈનું મૃત્યુ થાય તો જીવ બેભાન પણ થઈ જાય છે, ગાંડા જેવા થઈ જાય છે. જેટલો વધારે આસક્તિભાવ, મોહભાવ છે એટલું જીવને એ પદાર્થનો ત્યાગ અથવા વિયોગ થાય તો ભયંકર દુઃખનું કારણ છે. આપણે જોઈએ છીએ, છોકરો ભણતો હોય અને ઓછા માર્ક્સ આવે તો મા-બાપ અને છોકરો દુઃખી થાય; સગપણ ન થતું હોય તો મા-બાપ અને છોકરી પણ દુઃખી થાય. એવી રીતે દરેક જગ્યાએ જ્યાં તીવ્ર આસક્તિ ભાવ છે તો અપેક્ષા રહે જ છે. અત્યંત એવા મોહભાવથી જીવ અખંડપણે ચારિત્રમોહનીય કર્મ બાંધ્યાજ કરે છે.

પ્રેમમાં જે પ્રકારે ઉદયકર્મ છે એ પ્રકારે જ્ઞાની અથવા સમજુ જુવે છે, અપેક્ષા કંઈ નથી રાખતા. સંસારમાં બીજો જીવ જ્યારે ખૂબ જ દુઃખી થાય છે ત્યારે એમના પ્રત્યે અનુકંપાભાવ ઉત્પન્ન થાય છે. અનુકંપાભાવનો અર્થ આત્માને સમજીને જે કંઈ ભાવ થાય કે આ આત્માએ એવા કેવા કર્મ કરેલા છે કે આટલો દુઃખી થાય છે; હવે કયા પ્રકારે શુભ કર્મ, પુણ્ય કર્મ બાંધે કે ભવિષ્યમાં આવું દુઃખ ન થાય અને આ ભવમાં કર્મ કંઈ રીતે કેન્સલ થાય. જ્યાં શુદ્ધ પ્રેમ છે ત્યાં બંધનનું કારણ હોતું નથી, ત્યાં આસક્તિભાવ નથી પણ પૂર્વકર્મને કારણે જેટલી મદદ એ જીવને જોઈતી હોય એ કદાચ વધારે મળે. જેના પ્રત્યે રાગ છે જેમ કે મા-બાપ કે અત્યંત નિકટની કોઈ વ્યક્તિ હોય એમની જ્યારે સેવા કરીએ છીએ ત્યારે ઘણીવાર આપણે આ શબ્દ બોલીએ છીએ કે હવે આવા સમય કરતાં ભગવાન એને છોડાવે તો સારું. જ્યારે અનુકંપાભાવ છે ત્યાં જેનું જે કર્મ છે એ ભોગવે છે; મારું કર્મ સેવાનું છે, હું સેવા કરું છું. સેવાના એ પવિત્ર ભાવથી કેટલાય કર્મની નિર્જરા થાય.

રાગમાં જેવી આસક્તિ હોય છે એવી પ્રેમમાં આસક્તિ હોતી નથી. જ્યાં સાચો પ્રેમ છે ત્યાં સામી

આત્મા, આત્માની સાથે જે કરે એને પ્રેમ કહીએ, આત્મા જડ પદાર્થની સાથે જે કંઈ કરે એને રાગ કહીએ.

વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા છે. મારાપણાના ભાવ 'હું અને મારું,' એ બંધનના અત્યંત મોટા કારણો છે જે પ્રેમમાં ન હોઈ શકે. જ્યાં જ્યાં આસક્તિભાવ છે, ત્યાં કોઈ સ્વાર્થે કરીને કોઈને ચાહીએ છીએ અને જ્યારે સ્વાર્થ પૂરો ન થાય તો એની સાથેના સંબંધ છૂટી જાય છે. પ્રેમની અંદર બીજા ભવમાં પણ મળીએ, આંખ મળતા ઓળખી જવાય.

ભક્તિ એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા. સંસારની અંદર જેને આપણે પ્રેમ સમજીએ છીએ એ ગમે તેવો ઉત્કૃષ્ટ પ્રેમ હોય એ રાગ જ છે. જીવને જ્યાં સુધી આત્માની ઓળખાણ ન થાય ત્યાં સુધી પ્રેમનું યથાર્થ સ્વરૂપ, પ્રેમની સાચી ઓળખાણ થઈ જ ન શકે. એક બે ભવ સુધી કોઈ જ્ઞાનીના આશ્રયે જ્યારે પુરુષાર્થ કરીએ, જ્યારે આ ભક્તિ થાય ત્યારે આત્માની ઓળખાણ થાય; સાચા અર્થમાં પ્રેમ શબ્દ ઓળખી શકાય, અનુભવી શકાય.

પ્રેમ નિઃસ્વાર્થ છે અને નિઃસ્પૃહ છે; રાગ સ્વાર્થી અને સ્પૃહાવાળો છે.

સ્વાર્થ શબ્દ સંસારમાં જ્યારે વપરાય છે ત્યારે એને ખરાબ કહેવામાં આવે છે અને પરમાર્થને માટે વપરાતો હોય તો સ્વાર્થનો અર્થ સ્વ એટલે આત્મા, અર્થ એટલે કલ્યાણ- સ્વાર્થ એટલે જેનાથી આત્માને કલ્યાણના કારણો થાય તે. સંસારમાં જ્યારે સ્વાર્થ કહીએ છીએ ત્યારે એનો અર્થ શું છે ? સ્વ એટલે પોતાનું નથી એવું જે પારકુ એને પોતાનું કહ્યા કરવું એ તો મોટો દોષ જ કહેવાય ને ? સંસારમાં માતા, પિતા, ભાઈ, બહેન, પત્નિ, પુત્ર અથવા તો ઘરની જુદી જુદી સામગ્રીઓ કહીએ, જાહોજલાલી એ બધા જડ પદાર્થો છે. એને પોતાના માનવા અને એવા પદાર્થો બીજા પાસે હોય અને આપણને ચોરીથી કોઈને ફોસલાવીને મળી જાય તો ત્યાં સ્વાર્થ છે.

ચેતન નામનો પદાર્થ પોતાની જાતને ભૂલી જઈ પર એવા જડ પદાર્થો પ્રત્યે તીવ્ર આસક્તિ, મોહભાવ કરી એ ગ્રહણ કરવા જે કંઈપણ કરે એ બધો સ્વાર્થ કહેવાય; સ્વ એટલે ચેતન અને ચેતનને ઓળખ્યા પછી પ્રાપ્ત કરવાની વાત થતી હોય તો પરમાર્થનો સ્વાર્થ એ કલ્યાણનું કારણ છે. પ્રેમ નિઃસ્વાર્થ છે એટલે સંસારના કોઈપણ પદાર્થની આસક્તિ નથી. હું તમને જો અનહદ પ્રેમ કરું છું તો એ તમારા દેહને નહીં, તમારી સંપત્તિને નહીં, તમારા આત્માને કલ્યાણનું કારણ થાય એવા લક્ષ સાથે છે. દેહથી ગમે તે ક્રિયા કરતાં હોય તો પણ દોષ ન લાગે, આ પૂર્વકર્મ છે, જ્ઞાનીના પરિચયમાં રહેશે તો ચોક્કસ છૂટી જશે. આત્માની સમજણ કે ઓળખાણ નથી તો ગમે તેટલો પ્રેમ કરવા જાવ તો એ દેહને હશે અથવા તો દેહધારી પાસે રહેલી સંપત્તિ માટે હશે. એનું બીજું નામ રાગ જ કહેશું. આત્મા, આત્માની સાથે જે કરે એને પ્રેમ કહીએ, આત્મા જડ પદાર્થની સાથે જે કંઈ કરે એને રાગ કહીએ.

રાગ સ્વાર્થી છે અને સ્પૃહાવાળો છે.

રાગમાં માત્ર સ્પૃહા છે. પ્રેમ નિઃસ્પૃહ છે, આત્માને કલ્યાણનું કઈ રીતે કારણ થાય તે સિવાય બીજો લક્ષ ન હોય.

પ્રેમ કર્મબંધનથી છોડાવે છે, રાગ કર્મબંધનને આકર્ષે છે.

પ્રેમ કેવી રીતે કર્મબંધનથી છોડાવે છે ? સામી વ્યક્તિ ગમે તેવી રીતે વર્તે; બીજી ભાષામાં બેવફાઈ કરે, ચોરી ચપાટી કરે, તમારા માટે ગમે તે બોલે અને તમે બધું સહન કરો, તમને કંઈપણ અસર ન થાય તો તમે છૂટ્યા કે નહીં? પ્રેમમાં એવી ઈચ્છા

> સામી વ્યક્તિ ગમે તે રીતે વર્તન કરતી હોય, એ આપણને સહન ન થાય ત્યારે જેટલી શાંતિથી સહન કરીએ, રાગ દ્વેષથી રહિત થઈ સમતા ભાવમાં રહેવાનો પુરુષાર્થ કરીએ એ ચારિત્રનો પુરુષાર્થ થયો.

નથી હોતી કે સામી વ્યક્તિએ આ પ્રમાણે વર્તવું જોઈએ. એટલે જે પ્રેમ કરે છે એ છૂટે છે. પણ જેને અનહદ ચાહીએ છીએ એ જરાક મીસબીહેવ કરે તો એક કલાકનું ભાષણ આપીએ, માર મારીએ કાં વઢી લઈએ તો તરત જ કર્મ બંધન. રાગ હોય તો ઝ ઘડા ચોક્કસ હોય, બસ આટલું સમજાતું હોય તો પછી પ્રેમ શું કામ ન કરીએ ? ભક્તિનું રહસ્ય એટલે જીવને આવો પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા જ્યારે જેમ છે તેમ સમજાશે ત્યારે એ જીવ અવશ્ય કર્મની નિર્જરા કરશે.

પ્રેમ ભવકટ્ટિ કરવામાં કુશળ છે; રાગ ભવ વૃદ્ધિ કરવામાં સફળ છે. પ્રેમ ચારિત્રનું ઘડતર કરે છે, રાગ ચારિત્રને નડતર કરે છે.

આત્મા પોતાના સ્વભાવમાં રહે એ આત્માનું ચારિત્ર. અખંડ યથાખ્યાત ચારિત્ર કેવળજ્ઞાન છે. વિભાવમાં રહે એ ચારિત્રનું નડતર કહેવાય. વિભાવ એટલે રાગ દ્વેષ અથવા સંસારના, આત્મા સિવાયના ગમે તે ભાવો અને વિભાવથી કર્મબંધન છે.

સામી વ્યક્તિ ગમે તે રીતે વર્તન કરતી હોય, આપણાથી સહન ન થાય ત્યારે જેટલી શાંતિથી સહન કરીએ એટલા ચારિત્રની અંદર દાખલ થઈએ છીએ એમ કહેવાય અથવા રાગ દ્વેષથી રહિત થઈ સમતા ભાવમાં રહેવાનો પુરુષાર્થ એ ચારિત્રનો પુરુષાર્થ થયો. બાહ્ય ક્રિયાની અંદર જ આ મન રહ્યા કરતું હોય તો ચારિત્રનું નડતર જ થયા કરે છે.

પ્રેમ પરનો ભોગ આપવામાં નિરંતર તત્પર છે; રાગ પરનો ઉપભોગ કરવામાં સતત અનુરક્ત રહે છે.

સાચો પ્રેમ છે ત્યાં સંસારના કોઈપણ જડ પદાર્થો- દેહ, સંપત્તિ વિગેરે જતાં હોય તો જવા દે. આત્માને પોતાના સ્વભાવમાં, રાખવાનો પુરુષાર્થ કરે છે.જ્યાં રાગ છે તો દેહનો ઉપભોગ અને દેહથી બીજા અનેક પદાર્થોનો ભોગ ભોગવે છે.

પ્રેમ અમૃત સ્વરૂપ છે; રાગ એ વિષ સ્વરૂપ છે.

અમૃત જેમ જીવતદાન આપે, અમરપણું આપે એવી રીતે પ્રેમ આત્માને જન્મ, જરા, મરણથી છોડાવી, આત્માનું અમરપણું નિશ્ચિત પ્રાપ્ત થાય છે. રાગ એ વિષ સ્વરૂપ છે. વિષ ખાવાથી જેમ મૃત્યુ થાય એવી રીતે **'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણો કાં અહો રાચી રહો'.** સેકંડે સેકંડે જે કંઈ જુદા જુદા ભાવ એટલે કે રાગ થાય એના કારણે દરેક સેકંડે નવું કર્મબંધન થાય, દરેક કર્મ છોડવા માટે એક જન્મ લેવો પડે છે.

પ્રેમ સ્થિર સ્વભાવી છે; રાગ અસ્થિર સ્વભાવી છે.

પ્રેમ એ આત્માની એક સમજણ છે, કોઈ ક્રિયા નથી. રાગ એ ક્રિયા છે, ચેષ્ટા છે, અભિવ્યક્તિ છે. પ્રેમ સ્થિર છે, રાગ અસ્થિર છે. દરેક ચેષ્ટાની અંદર કંઈ ને કંઈ પ્રવર્તન હોય અને ત્યાં ભાવનું જોડાણ હોય. ભાવનું જોડાણ, દેહની ક્રિયા એટલે ઘાતિ - અઘાતિ બેય કર્મનો થોકડો. આટલી સમજણ જો આવી જાય તો ચોક્કસ કલ્યાણનું કારણ થાય. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

स्वच्छंद

जीव की अनेक भवो के संस्कार से बनी अपनी मान्यता स्वच्छंद है जैसे कि श्वेताम्बर, दिगंबर, मूर्तिपूजक, स्थानकवासी आदि सम्प्रदाय से ही मोक्ष है, या फिर उग्र तपश्चर्या, देव पूजन, शास्त्र वांचन आदि से ही मोक्ष है वि वि। जो भाव से मोक्ष का पुरुषार्थ किया हो तो, आज का जो पुरुषार्थ है, वह कल का नसीब है, मतलब अपने भविष्य में मोक्ष पाने रुप उदय डाला।

अनादिकाल से परिभ्रमण करता जीव, अनंत प्रकार के संसार के भाव - विभाव ही करता है। और उनके अनुरूप ही कर्म वर्गणा ग्रहण करता है और वैसे कर्म बंधते हैं। अत: संसार और परिग्रह की अत्यंत निवृत्ति, वैराग्य तथा उपशम की बहुत जरूरत है। इसके लिए, इस संसार का कोई भी पदार्थ अंतर की गहराई से कभी भी प्रिय नहीं लगना चाहिए। ऐसी सही समझ के साथ असंगपना हमें प्राप्त हो, यहाँ भावों से असंगपना सबसे ज्यादा जरूरी है। अर्थात किसी भी प्रकार का भाव ना हो, जिसे निर्विकल्प समाधी कहते हैं तो यह मोक्ष का कर्म निश्चित बंध रहा है और कुछ जन्मों या भवों के बाद निश्चित उसकी प्राप्ति हो सकती है।



अब, कर्म बंधन कैसे होता है? दुसरे शब्दो में कर्म कहें, संस्कार कहें, आदत कहें... सब का अर्थ एक ही है। कोई कहता है - यह मेरा कर्म है, तो दूसरा कोई कहता है यह मेरी जन्म से बुरी आदत है। कोई कहेगा - यह मेरा स्वभाव है, या यह मेरा

वैराग्य तथा उपशम के लिए, इस संसार का कोई भी पदार्थ अंतर की गहराई से कभी भी प्रिय नहीं लगना चाहिए।

संस्कार है, हमारे कुटुंब का संस्कार है.... इत्यादि सब। इस तरह आज जो कुछ मन-वचन-काया से करते हैं, वह सब कर्म का उदय है और उसी का नाम कर्म है। अर्थात आज के दिन, अनंतकाल के या असंख्यात भवों के संस्कार, आदत हममें संग्रहित हुए हैं। अर्थात जितने जितने भाव किये हुए हैं - जब नरक में थे तब, मुख्य रूप से तो वहां का कर्म वहाँ छूटता है। पर अगर नरक में कुछ अंश में कर्म बंधन हो रहा है, तो कुछ भाव वहाँ निश्चित किये हैं। इस तरह चारों गति में जहाँ मन है, वहाँ और जहाँ पंचेद्रियपना है, वहाँ, भाव है। मतलब हर कोई चारों गति में जो भाव करता है, वे सब भाव आज कर्म रूप में, उस उस आत्मा पर लगे हुए हैं। और फिर मनुष्य देह में जो कर्म भोग सकते हैं, वैसे ही कर्म मनुष्य भव में उदय में आ सकते हैं। नरक के कर्म का उदय अभी हो नहीं सकता अथवा तिर्यंच बाध, सिंह... के जो कर्म हैं, उनका भी उदय नहीं हो सकता। बाकी के अनन्तानंत कर्म तो अन्दर में पड़े हुए ही हैं।

अब ये जो अन्दर ही अन्दर में पड़े हुए कर्म हैं, उनमें सुषुप्त चेतना (unconscious mind) के कारण परिवर्तन होता रहता है। कैसे? सबके अनुभव में होगा ही कि रात में जब सो जाते हैं, तब नींद में ऐसे अजीबोगरीब स्वप्न आते हैं कि कभी तो आश्चर्य होता है कि यह कैसा स्वप्न? तब वैसे समय में उन भावों में बहुत कुछ परिवर्तन हो जाता है। उदाहरण के तौर पे किसी बड़े पिटारे में बहुत सी चीजें भरी हो और आँख बंद करके निकालें, तो सब आड़ी तिरछी वस्तुएं ही निकलती हैं। यह कितने ही भवों के संस्कार हैं, जो अचानक हमारे विचारों में आते हैं। असंख्यात भवों के जो संस्कार है, कर्म हैं, वे हमें, हमारी बुद्धि को निरंतर अपने अनुसार वर्तन करने की प्रेरणा देते ही रहते हैं। ऐसे कर्म जब उदय में आते हैं तब, पूर्व में किये हुए जो भाव हैं उसके अनुसार ही हमारी विपर्यास बुद्धि जोर कराती है। अब उसके सामने विरोध करते, आज के, पूर्व अनेकों भवों के जो संस्कार कहें, कर्म कहें या कर्म परिणाम कहें, जो सब मिथ्यात्वी और भ्रान्ति भरे हैं, उन सब से कुछ अलग भाव होने चाहिए ताकि पुराने भाव कट हो जाएँ, पुरानी मान्यताए खतम हो जाए। यह स्वच्छंद निरोध है।

ऐसी बुद्धि जो असंख्यांत भवो के संस्कार के अनुसार वर्तन करती है उसे परम कृपालु देव ने विपर्यास बुद्धि कहा है। याद रखें यह सब बात देहाध्यास वाले मैं (मिथ्यात्वी) की चल रही है। जो ज्ञानी है, उसकी बात नहीं है। आज जब मैं कहते हैं, तो लक्ष्य हमारा देह का है। मैंने ऐसा किया, मैंने ऐसा किया, मैं ऐसा कर सकता हूँ... और हर समय अन्तरंग में लक्ष्य रहता है कि मैं याने प्रवीण, आत्मा नहीं। और जब मेरे से यह नहीं होता, मेरे से वह नहीं होता, मैं तो कुछ नहीं कर सकता, होना है सो हो। ऐसा चलता है तो आत्मा है। मैं, हाजिर है तो देह है। "मैं" हाजिर नहीं तो वहाँ आत्मा का पुरुषार्थ है, आत्मा है। पर यहाँ बात मिथ्या द्रष्टि जीव की चल रही है। और यह विपर्यास बुद्धि अपने मत

हर एक को विश्वास होना चाहिये कि इस भव में ही आत्मा की प्रतीति मुक्ति का कारण इतने भव के बाद मेरे लिये होगा ही, सकारात्मक और रचनात्मक विचारधारा हमारी होनी चाहिये।

असंख्यात भवों के जो संस्कार हमारी बुद्धि को निरंतर अपने अनुसार वर्तन करने की प्रेरणा देते ही रहते हैं यही विपयार्स बुद्धि है।

से, अपनी बुद्धि से, अपनी कल्पना से स्वच्छंद से वर्तन करती है। यह बुद्धि बारबार स्वयं जो मानती है, उसी मान्यता से चिपके रहने की प्रेरणा करती ही रहती है। अत: असंख्यात भव कहें या अनादिकाल की जिस भ्रान्ति में जिए हैं हमारी आत्मा को इतने अनादिकाल से यही भ्रान्ति रही हुई है। इसलिए आज जो बुद्धि है हमारे पास, वह बराबर फोर्स करेगी ही कि मिथ्यात्व की जो समझ है उसी तरह वर्तन करना।

जो कुछ अभी यहाँ सुन रहे हैं, उसमें से जो नया लगता हो पहले कभी सुना नहीं ऐसा लगता हो और कहीं कहीं आशंका भी होती हो कि ऐसा होता होगा? ऐसी सब जगहों पर या ऐसे सब वचनों पर थोड़ा बहुत वांचन, विचार आदि होना ही चाहीये। अगर ऐसा नहीं होता है तो स्वच्छंद जाने वाला परिणाम आने वाला नहीं है।

वैसे भी हम सब का बहुत भवों का अनुभव है कि हमने वर्षो बड़े पुरुषो के पास से व्याख्यान आदि सुना है, फिर भी भवों से कोरे के कोरे ही हैं। सिर्फ यहाँ आने से या परम कृपालु देव का नाम लेने से सब प्राप्त हो जाये ये संभवित नहीं है। उल्टा हम परम कृपालु देव को मानते हैं ऐसा अभिमान उत्पन्न होता है। अब परम कृपालु देव की बात करके हम खुशी - खुशी कहते हैं - हम भी सत्संग करते हैं, इतने वर्षो से करते हैं। वांचन भी करते हैं। पर तत्व का चिंतन जो ना होता हो तो परिणाम नहीं आने वाला ऐसा निश्चित मानें।

अब जिस बात पर शंका हो कि ऐसा कैसे? उस बात पर ज्यादा विचारने की जरूरत है। पर कभी स्वयं से यह निश्चय नहीं करना कि मुझे तो यह गलत लगता है, लग रहा है इसलिये गलत ही है। तीन-चार लोगों से बात करें और सभी कहें कि शायद बोलने में भूल हुई होगी। हमें भी गलत लग रहा है और इस तरह एक ग्रुप, यह गलत है ऐसा मान ले तो भी नहीं चलेगा। तब क्या करना? तो जिसने वांचन किया है वही आपको सही आशय बता सकता है। इसलिये इसी भव में अगर आत्मा की अदभुत दशा चाहते हों तो होमवर्क अत्यंत ही आवश्यक है।

अगर सच में, इसी भव में कुछ प्राप्त करना हो तो जहाँ शंका - आशंका होती हो, गलत लगता हो अथवा मेरे से नहीं हो सकता, मेरे लिये असंभव है, ऐसा भी लगता हो, तो यहां वांचन के बाद प्रश्नोत्तरी भी होती है। और अगर कोई अत्यंत जरुरी ऐसा प्रश्न हो तो व्यक्तिगत भी मिल सकते हैं। आशय यह है कि, अत्यंत बलवान पुरुषार्थ हो। हर एक को विश्वास होना चाहिये कि इस भव में ही आत्मा की प्रतीति अर्थात् आत्मा अंतर से कुछ ऐसी आवाज आये कि मुक्ति का कारण इतने भव के बाद मेरे लिये होगा ही, कर्म की निर्जरा हो रही है। यह मुझे अनुभव से समझ में आयेगा ही। इस तरह की सकारात्मक और रचनात्मक जिसे कहते हैं, वैसी विचारधारा हमारी होनी चाहिये। और जो ना हो तो आज से शुरू करे। ◆

ॐ शांति: शांति: शांति:

नोंध : पूज्यश्री के 'स्वच्छंद" के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

UPDESH CHHAYA



We learned in the last issue that .....

- **Some accept Sainthood due to detachment borne out of attachment whereas others do the same out of sorrow. "With Sainthood, travel to various places will be available; good food will be available although with hardship of always having to walk bare feet; but just as a lowly farmer or a commoner is used to walking bare feet, even I will get used to it; other than this, there are no hardships and it will be beneficial." The detachment for beings with such mind set is caused by attachment.**

- **Many people visit Dakor on full moon nights but no one ponders what benefit is accruing out of this? Forefathers used to visit on full moon nights for sighting Ranchhodji and children are simply following, without a 'why'. This type too is detachment borne out of attachment.**

- **Detachment borne out of deprivation is when one renounces world-**

ly life due to worldly miseries.

- **It is to be firmly concluded that no matter how or where one strives, enhancement of own well-being should be the goal; being able to shun ancestral beliefs and rituals is the proof that importance of *Satsang* is perceived. Opinions pertaining to different religions and faiths are like fissures of huge endless mountains which can never meet. Never be a bigot; impassively dissuading someone from bigotry is the result of having grasped. *Anantanubandhi* maan is said to be a massive tower like hindrance in well-being. A discerning person would advise to seek out company of a virtuous person. Worldly are the ways of an ignorant person. Shun all stubbornness with clear acceptance - "I do not want".**

.... and continue herein below with ....

- **Laxity causes yog. An ignorant person has laxity. If yog caused ignorance, the same should be applicable for a Gyani too and so, a Gyani has yog but not laxity.**

Use of *mann* (mind), *vachan* (speech) and *kaya* (physical organs) is *yog*. Due to *dehadhyaas* (falsely believing own existence through the body), when *mann, vachan* and *kaaya* function for the (benefit of) body, it is *pramaad* (laxity) or conversely, when these function for the (benefit of) *Aatma*, there is absence of *pramaad.*

It is to be well understood that mere existence of *yog* is not indicative of existence of *pramaad*, just as all Brahmins are Hindus but all Hindus are not necessarily Brahmins.

Stark mithyaatva, which all of us know and are familiar with, is also the starting point for samkit and *aatmagyaan*. Five main shortcomings (in that order) - *mithyatva, avirati* (absence of vrat = abstinence vows and *tapp* = austerity), *pramaad, kashaay* and *yog* (body) are the cause of ignorance. Total absence of all of these is the state of *keval gyaan.* It is pertinent to note that withdrawal or receding of these five has to be sequential in the given order only and not random.

Stark mithyaatva, which all of us know and are familiar with, is also the starting point for samkit and aatmagyaan.

Till the myth at the root – *mithaatva* recedes, the true process does not even begin. The outlook – eat, drink and be merry, strongly prevailing in *mithyaatva* stage, starts changing with onset of the perspective "I am *Aatma*". From rampant unruliness and uncontrolled behaviour, a being moves towards vrat, tap, *niyam* (rule) and *saiyyam* (restraint). Observance of these enables one to control thoughts and focus more sharply on *Aatma's* qualities and characteristics. With thought "I merely, am Aatma" remaining continuously, *pramaad* the third deficiency is overcome. The im-

mense significance of *Aatma* is clearly experienced, introducing the being to the amazing powers and splendour of *Aatma*. In comparison, all materialistic things or situation now seemed uninteresting or hold no attraction. The lusting for and continuous interaction with worldly things was the cause of emergence of all *kashaay*. Without attraction, there is no reason for *kashaay* to remain. A wad of currency getting burned now causes as much anguish as that of breaking of an ordinary earthen pot. With all *kashaay* getting extinguished, all *ghaati* (those that affect *Aatma*) *karm* also get extinguished and *keval gyaan* has to emerge. Without any *ghaati karm*, each use of *mann, vachan* and *kaaya* is with total detachment and thus there does not remain any possibility of causing new karm. In *Keval Gyaan* stage, without any new *ghaati karm* getting generated, only the pre-existing *aghaati* karm get activated in due course and get extinguished, without having to actively work at it. Upon total extinguishment of *aghaati karm*, there is no need for the body to remain and pure *Aatma*, without a body, remains permanently and irreversibly, in a state of complete bliss.

It is widely observed that the first shortcoming in the sequence – *mithyaatva*, is missed and most people jump on to correct the second one – *avirati to virati* by observing *vrat, tapp, niyam, saiyyam,* etc. Till *mithyaatva* is properly perceived and till ways to overcome are extensively thought out, all efforts will prove futile. It is impossible that the desired result of achieving extinguishment of third shortcoming - *pramaad*, can ever materialise, no matter the quantum or the duration of efforts ! This phenomenon can easily be understood with logic. *Pramaad* has been explained earlier as all thoughts or deeds, other than for *Aatma* or conversely, being fully focussed only on *Aatma* is *a-pramaad*. Since *mithyaatva* is missed to be rectified in the first place, the delusion that I am what is represented by my body, remains and so, all *vrat, tap*, etc are done as body, *Aatma*, being nowhere in perception. Without *Aatma* being in perception, *pramaad* continues to remain.

> Till the myth at the root – mithaatva recedes, the true process does not even begin.

On attaining *Samkit* at the fourth *gunsthaanak* (stage) on the path to complete liberation, a being becomes aware that "I am *Aatma*, separate from my body." I am able to perceive the existence of a thing having capabilities of infinite powers, which has been described as *Aatma* by *Tirthankaras*. I am able to see and know; I have joyfulness; I am able to experience; since all these are qualities of *Aatma*, I am *Aatma*; with this new awareness and perception, I realize that I need to overcome worldly attachment (ill effect of my earlier perception) with the help of *tyaag* (renunciation) and *vairaagya* (detachment). On progressing to the fifth *desh virati gun-*

sthaanak, tyaag and *vairaagya* are found partially. At sixth *sarva virati gunsthaanak*, all *vrat, tap, niyam* are found to be observed fully. Having realized own self as *Aatma*, unique to the things or means providing sensual gratification, a being by way of extensively observing *vrat, tap, saiyyam* becomes detached from the worldly affairs, remaining continuously and completely focussed on *Aatma.*

Progressing further to the seventh *apramatt gunsthanak*, with "I am *Aatma*" constantly in thoughts, *pramaad* can mostly not exist but with *uday* (manifestation) of *karm, audayik* (corresponding to the *uday*) thoughts do arise, to act upon which attention gets diverted (from *Aatma*). In spite of *Keval Gyaan*, due to manifestation of *karm*, Lord Mahaveer must have had required to speak. The use of speech could not have been carried out without HIS attention getting diverted from *Aatma*. Such diversion however, could not have contained even a hint of attachment or repulsion. The speech would have surely been made, dispassionately – like simply conveying some information, as done by any enquiry office. Attending to hundreds of queries each day, the railway clerk patiently attends to his Enquiry Office job – simply conveying information, many a times, repetitively but, unperturbedly due to remaining unattached. We can really learn this virtue from him and if we are able to put in practice, we shall surely be able to avoid all large problems.

> Pramaad has been explained earlier as all thoughts or deeds, other than for Aatma or conversely, being fully focussed only on Aatma is apramaad. Since mithyaatva is missed to be rectified in the first place, the delusion that I am what is represented by my body, remains and so, all vrat, tap, etc are done as body, Aatma, being nowhere in perception. Without Aatma being in perception, pramaad continues to remain.

From above, we observe that in spite of *mann, vachan, kaaya* and *yog*, there is no *pramaad*. When *pramaad* leads to creation of *yog* (worldly activities), it cannot be seventh *apramatt gunsthanak*. In fact, with such result, person could only be worshipping worldly affairs.

Since a *Keval Gyaani* too has a body and thus *yog*, it transpires that yog can never be cause for emergence of *agyaan*. So, even we, with body, should not consider ourselves as *agyaani*, being *Aatma* with supreme capabilities.

Aum Shanti: Shanti: Shanti

Note: *This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan*

આણાએ ધમ્મો, આણાએ તવો

સંકલન : ડૉ. સુચિતા દોશી, મુંબઈ

આચાર્ય હરિભદ્ર સુરિએ કહેલા આ કથન 'આણાએ ધમ્મો, આણાએ તવો' - 'આજ્ઞાનું આરાધન એ જ ધર્મ છે, આજ્ઞાનું આરાધન એ જ તપ છે ' નું ચિંતવન, મનન, વિવેચન કરતાં આપણે જોયું જિનેશ્વર ભગવંતે મોક્ષમાર્ગના ચાર પ્રકાર બતાવ્યા છે.



મોક્ષ પ્રાપ્તિ માટે લક્ષ કરનાર જીવ, જિનેશ્વર ભગવંતે બતાવેલ આ ચાર માર્ગમાંથી એક પર ચાલે છે. આ દરેક માર્ગથી જીવ મોક્ષે ગયા છે. આપણે આગળ જોઈ ગયા તેમ પહેલા ત્રણ માર્ગને પોતાના ભયસ્થાનો છે. આ ત્રણ માર્ગમાં આંતરદૃષ્ટિ અને ગુરુનું મહાત્મય, જ્ઞાન અને ચારિત્ર (ક્રિયાઓ) કરતાં ઓછું છે. તેથી જીવના માન અને સ્વચ્છંદ જેવા દોષો જલ્દી જતાં નથી. તેમ જ આ માર્ગમાં પ્રગટ થતી લબ્ધિ સિદ્ધિમાં લલચાઈ જીવ પતન પામે છે કારણ કે યોગ્ય માર્ગદર્શન અને માર્ગદર્શક હોતાં નથી.

તેથી જ અનેક સંત - મહાત્માઓએ અને શાસ્ત્રમાં પણ કહ્યું છે ''ભક્તિ, એ સર્વોપરી માર્ગ છે.''

ભક્તિમાર્ગમાં આપણે આગળ જોયુ તે પ્રમાણે પુણ્યના ઉદયે જીવને આર્યભૂમિ, મનુષ્યદેહ, સંજોગોની સાનુકુળતા મળે છે, ત્યારે જીવને છુટવાની તલપ જાગે છે. અને પ્રબળ પુણ્યના ઉદયે તેને સત્ (આત્મ) પુરુષનો ભેટો થાય છે. જીવની સાચી મોક્ષની

સફર શરૂ જ અહીંથી થાય છે. ત્યારે જીવ તેમના આશ્રયે સત્ (આત્મા)ની સમજણ લઈ આગળ વધે છે. સદ્‌ગુરુ પ્રત્યે જીવની ભક્તિ કેવી હોવી જોઈએ ? (૧) વિનય વિવેક યુક્તઃ આજ મારા સાચા માર્ગદર્શક અને તારનાર છે. (૨) બાળક જેવી નિખાલસઃ તો જ જીવ દોષ પ્રગટ કરી શકે અને તે જાય. (૩) શબરી, હનુમાન, રાવણની જેમ અનન્ય અને અજોડ ભક્તિ. આ જ ભક્તિ જીવને અર્પણતા સુધી આગળ લઈ જઈ શકે છે અને તો જ કલ્યાણકારી થાય છે.

આવી ભક્તિ જીવને તેમના દેહ પ્રત્યે નહીં, પણ ગુણો પ્રત્યે લક્ષ કરાવે છે. ગુણો જેમ જેમ લક્ષમાં આવે છે અને સમજાતાં જાય છે, તેમ તેમ જીવને તેમના જ્ઞાનીપણાની ખાતરી થતી જાય છે તેથી જીવને તેમના પ્રત્યે અંતરથી અહોભાવ વધતો જાય છે. ધીરે ધીરે આ અહોભાવ દૃઢ શ્રદ્ધામાં પરિણમે છે, આ જ મારા તારણહાર છે. ધીરે ધીરે આ જ શ્રદ્ધા પ્રેમમાં પરિણમે છે. જેમ પ્રેમમાં પડેલ વ્યક્તિ સામેવાળાની ઈચ્છા પુરી કરવા તત્પર હોય છે, તેમ અહીંયા પણ જીવને ખ્યાલ આવે છે સદ્‌ગુરુ જે કહે છે તે મારા આત્માના કલ્યાણ માટે જ છે. સમજમાં ન પણ આવે તો અનન્ય પ્રેમને કારણે તે પોતાની ઈચ્છાઓને ગૌણ કરી, તેમની કલ્યાણકારી ઈચ્છાઓને પુરી કરવાનો પ્રયત્ન શરૂ કરે છે. અંતરંગથી તેમનું કહ્યુ કરવાની અને તેમની ઈચ્છાએ ચાલવાની વૃત્તિ ક્રમે ક્રમે બળવાન થતી જાય છે. શ્રદ્ધા અને પ્રેમ વધતાં જાય છે તેમ ભક્તિ ધીરે ધીરે અજોડ થતી જાય છે અને જીવમાં અર્પણતાનો ભાવ પ્રગટ થતો જાય છે.

આ અર્પણતાનો ભાવ આવતાં જીવ સદ્‌ગુરુ જે કહે તે કરવા તૈયાર થાય છે, અર્થાત્ તેમની આજ્ઞાનું આરાધન કરવા તૈયાર થાય છે. આમ કરતાં કરતાં જીવને ધીરે ધીરે ગુરુ તરફથી માર્ગની જાણકારી અને રહસ્યો મળવા લાગે છે, પરંતુ મળેલાં જ્ઞાન માટે તેને અભિમાન આવતું નથી. તેને સ્પષ્ટપણે સમજાય છે કે આ જ્ઞાનપ્રાપ્તિ મને ગુરુની કૃપાને કારણે થઈ છે, તેમાં મારું પોતાનું કંઈ જ નથી. તેમની કૃપા ન હોય તો આ સર્વ જ્ઞાન સમૃદ્ધિથી હું વંચિત જ હોત. વળી તેને વારંવાર એવો અનુભવ થતો હોય છે કે જે જે સિદ્ધાંત, નિયમાદિ સમજવામાં તેને મુશ્કેલી પડે છે તે તે સર્વનું સમાધાન તેને પારગામી ગુરુ તરફથી મળતું જ રહે છે, એના કારણે શિષ્યને સ્વચ્છંદ કે અભિમાનથી બચવું ખૂબ સરળ અને સહેલું થઈ જાય છે.

આમ જીવ યથાર્થ રીતે આજ્ઞાનું આરાધન કરે ત્યારે અનાદિકાળથી ચાલી આવતા સ્વચ્છંદ અને માન જેવા જીવના દોષો ગુરુ સહેલાઈથી કઢાવી શકે છે. તેમ જ તે જીવ જ્યારે સત્કાર, પુરસ્કાર વગેરે (મોહ) માં પતન પામે છે ત્યારે શ્રી ગુરુ કરૂણા કરી તેને તેમાંથી બહાર કાઢે છે જે આપણે ગયા અંકમાં ગુરુ વૃદ્ધવાદી અને શિષ્ય સિદ્ધસેનની કથામાં જોયું.

ગુરુ આજ્ઞાને આધીન થઈને પ્રવર્તવાથી જીવમાં કષાયોને તત્કાળ વશ ન થઈ જવાની શક્તિ ઉત્પન્ન થાય છે, ગંભીરતાનો ગુણ ઉત્પન્ન થાય છે.

એકલવ્ય, દ્રોણાચાર્ય પ્રત્યેની અર્પણતા અને અપૂર્વ ભક્તિને કારણે જ વિશિષ્ટ વિદ્યાવાળો બને છે.

દૃષ્ટાંત : વિમળરાજા અને સુમંગલા રાણીના બે સંતાન, પુષ્પચૂલ કુંવર અને પુષ્પચૂલા કુંવરી છે. પુષ્પચૂલાના લગ્ન યોગ્ય રાજકુમાર સાથે થયાં હતા, પરંતુ થોડા જ વખતમાં તે વિધવા થઈ અને ભાઈના રાગને કારણે પિયર રહેવા આવી હતી.

ભાઈ રાજકુમાર વ્યસનમાં પડ્યો હતો અને પ્રજાને હેરાન કરતો હતો, ત્રાસ આપતો હતો. તેની વાંકાઈને કારણે તેનું નામ વંકચૂલ પડી

ગયું હતું. રાજાના કાને તેની અનેક ફરિયાદો આવતાં રાજા તેને દેશનિકાલ કરે છે. વંકચૂલ સાથે તેની પત્ની અને બહેન જાય છે. રસ્તામાં ભીલોની પલ્લી આવે છે. ભીલરાજા મૃત્યુ પામ્યા હતા, તેથી વંકચૂલને પલ્લીપતિ બનાવે છે.

એક સમયે ચોમાસામાં અટવીમાં ભૂલા પડેલ સંત ચાતુર્માસ ગાળે છે અને ચાતુર્માસ પૂર્ણ થતાં મુનિ વિહાર કરે છે. વંકચૂલ તેમના જીવનથી પ્રભાવિત થાય છે અને સંતને વળાવવા જાય છે. સંત તેને ચાર નિયમ આપે છે. (૧) અજાણ્યું ફળ ન ખાવું (૨) કોઈને મારતી વખતે સાત-આઠ ડગલાં પાછાં હઠવું (૩) પટ્ટરાણીને માતા સમાન ગણવી (૪) કાગમાંસ ન ખાવું. વંકચૂલ સહર્ષ આ નિયમોનો સ્વીકાર કરે છે.

એક વખત એક ગામ લુંટવા વંકચૂલ પોતાના સાથીદારો સાથે જાય છે, પરંતુ ગામલોકો અગાઉથી સાવધાન થઈ ગયા હતાં, તેથી વંકચૂલ અને સાથીદારો નિરાશ થઈને પાછા ફરે છે. રસ્તામાં ખૂબ ભૂખ લાગતા, સેવકો આજુબાજુ તપાસ કરીને ખૂબ મધુરા ફળ લાવે છે. વંકચૂલ દૃઢતાથી અજાણ્યા ફળ ખાવાની ના પાડી દે છે. બીજા સાથીદારો તે ફળ ઝેરી હોવાથી ખાતાં જ મૃત્યુ પામે છે. વંકચૂલ પોતાના પ્રાણની રક્ષાથી હર્ષ પામે છે અને ગુરુદેવના ઉપકારની સ્મૃતિ કરે છે.

વંકચૂલ ઘરે પહોંચે છે ત્યારે પત્ની અને બાજુમાં પુરુષ સૂતેલો જુએ છે. ક્રોધમાં આવી જઈ મારવા તલવાર ઉપાડે છે. પણ નિયમનું સ્મરણ થતાં ૭-૮ ડગલાં પાછળ હઠે છે. ત્યાં અભેરાઈ પરના વાસણ જોડે તલવાર ભટકાતાં અવાજ થાય છે અને પુરુષ જાગી જતાં બોલે છે, ''ખમ્મા મારા વીરાને''. વંકચૂલ અવાજ સાંભળીને ઠંડો પડી જાય છે. હકીકતમાં નણંદ-ભોજાઈ નાટક જોવા ગયા હતાં. બહેને પુરુષનો વેશ પહેર્યો હતો. આવીને થાકી જતાં કપડા બદલાવ્યા વગર જ ભાભી સાથે સુઈ ગયેલ. વંકચૂલને ગુરુદેવના નિયમે (આજ્ઞા) બે વાર બચાવી લીધો. તે ગુરુદેવને ભાવવંદન કરે છે.

એકવાર વંકચૂલ રાજાને ત્યાં જ ચોરી કરવા જાય છે. રાત્રીના સમયે રાજમહેલની અટારીએ ચઢે છે. રાજાની પટ્ટરાણી તેને જુએ છે અને આવવાનું કારણ પૂછે છે. વંકચૂલ જણાવે છે તે ચોરી કરવા આવ્યો હતો, પરંતુ તેના મુખથી પ્રતિભાવી રાણી અંજાઈ જાય છે અને ભોગ માટે આમંત્રણ આપે છે. પરંતુ વંકચૂલ નિયમને યાદ રાખીને તેને માતા સમાન ગણીને સંબોધન કરે છે. રાણી આને અપમાન ગણી, પોતાની જાતે ઉઝરડા ભરી બૂમાબૂમ કરે છે. રાજા દરવાજા પાછળ જ ઊભા હતા. તેમને સત્ય હકીકતની જાણ હતી, તેથી વંકચૂલને નિર્દોષ ઠેરવે છે અને તેને પુત્ર તરીકે રાજમહેલમાં રાખી લે છે. આમ ત્રીજી પ્રતિજ્ઞા પણ તેને બચાવે છે.

શત્રુરાજાના આક્રમણ વખતે વંકચૂલ શૌર્યતા બતાવી તેને ભગાડે છે. પણ તે ઘવાયો છે અને રાજવૈદ્યના સર્વ ઉપચાર નકામા નીવડે છે. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતાં વંકચૂલને બચાવવા વૈદ્ય કાગમાંસ ઔષધિનો ઉપાય બતાવે છે. પણ વંકચૂલ પ્રાણના ભોગે પણ તે ખાવાનો ઈન્કાર કરે છે. મનની વિશુદ્ધિ ટકાવી, દ્રઢ પ્રતિજ્ઞા (આજ્ઞા) પાલન વંકચૂલને સમાધિમરણ કરાવે છે અને મરીને ૧૨માં દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

જ્યારે મોક્ષગામી જીવ ભક્તિસભર હૃદયથી સદ્‌ગુરુની આજ્ઞાનું પ્રીતિપૂર્વક પાલન કરે છે, ત્યારે કર્મોનો ક્ષયોપક્ષમ થાય છે. ગુરુ દ્વારા અપાતું જ્ઞાન અને રહસ્ય તેને પરિણિત થાય છે અને મોક્ષમાર્ગમાં આગળ લઈ જાય છે. ◆

દાનવીર શ્રી મેઘજીભાઈ પેથરાજ

બાળપણઃ બાલસહજ સાહસવૃત્તિથી પ્રેરાઈને છ વર્ષની ઉંમરે પતંગ ચગાવવા ઝાડ ઉપર ચઢેલો બાળક સમતોલપણું ગુમાવતાં નીચે પડ્યો, પણ આવા જીવલેણ અકસ્માતમાંથી ઊગરી ગયેલ બાળકે વિચાર્યું કે ઊંચે તો ચઢવું જ, પણ દૃષ્ટિ વાસ્તવિકતાની ભૂમિ પર રાખી સ્થિર રહેવું. આ હતો આ બાળકના જીવનનો પહેલો પાઠ!

ઈ.સ. ૧૯૦૪ સપ્ટેમ્બરની પંદરમી તારીખે જામનગરના ડબાસંગ ગામમાં પેથરાજભાઈને ત્યાં રાણીબાઈની કૂખે મેઘજીનો જન્મ થયો. પેથરાજભાઈની સ્થિતિ સાવ સાધારણ, પણ શાખ મોટી, દિલ તો એથીયે મોટું; ધર્મમાં અપાર શ્રદ્ધા.

ગામઠી નિશાળમાં મેઘજી ભણ્યા. નાનપણથી જ એની કુશાગ્ર બુદ્ધિનો સૌને પરિચય થઈ ગયો. પાંચ ચોપડી પાસ કરી અગિયાર વર્ષની ઉંમરે એજ સ્કૂલમાં માસિક આઠ રૂપિયાના પગારથી શિક્ષક તરીકે જોડાયા. પણ આઠ રૂપિયાની નોકરીથી કરોડો રૂપિયાનું દાન કરવા સર્જાયેલ આ વ્યક્તિના અંતરમાં ચેન કેમ પડે?

શિક્ષક તરીકેની નોકરીને લીધે ગામનાં પ્રતિષ્ઠિત કુટુંબો સાથે સંબંધ થયેલા. એવા જ એક સંબંધને લીધે એમણે આફ્રિકા જવાનું નક્કી કર્યું. માબાપની આજ્ઞા અનુસાર મેઘજીના લગ્ન ચૌદમાં વર્ષે મોંઘીબાઈ સાથે થઈ ગયા. શિક્ષકની નોકરીમાંથી મેઘજીએ રાજીનામું આપ્યું અને આફ્રિકા જવાની તૈયારી કરી.

પરદેશગમનઃ પંદર વર્ષના મેઘજી આફ્રિકા જવા માટેની જરૂરી વિધિ પતાવી, મુંબઈ બંદરે પહોંચ્યા. સ્ટીમર વિશે પૂછપરછ કરવા સામાન એક બાજુ ગોઠવી તે માહિતી મેળવીને પાછા આવ્યા ત્યાં તો સામાનની પેટી જેમાં પાસપોર્ટ, પૈસા, કપડા હતા તે ગુમ થઈ ગઈ. એટલે પોલીસને મળવા દોડધામ કરી અને સ્ટીમર ઊપડી ગઈ; સ્ટીમરની સાથે એ યુવાનના પરદેશ જવાના સ્વપ્નો પણ રોળાઈ ગયા! પણ થોડી વારે મેઘજીએ પોતાની જાતને સંભાળી લીધી. આ પ્રસંગથી એને જબરદસ્ત પાઠ મળ્યો કે જીવનના પથ પર સતત સાવચેત રહેવું. સામાન્ય માનવી સંજોગોને આધીન થાય છે પણ અસામાન્ય માનવી તો સંજોગો પર સવાર થાય છે.

ઘરે માતા-પિતાને વાત કરતાં માતાએ પોતાના દાગીના ગીરવી મૂકી મેઘજીની ટિકિટની વ્યવસ્થા કરી

અને છેવટે ઈ.સ. ૧૯૧૯ના જુલાઈની ૧૮મી તારીખે મેઘજીએ મોમ્બાસાની ધરતી પર પગ મૂક્યો.

ધંધાકીય પ્રવૃત્તિઓ અને આર્થિક પ્રગતિઃ મોમ્બાસાની એક જાણીતી પેઢીમાં મેઘજી નામું લખનાર મહેતાજી તરીકે જોડાયા. આવડી મોટી પેઢીનું નામું મૂંઝવી નાખે તેવું હતું. તેથી એમણે એમના મિત્ર પાસે નામું શીખવા માંડ્યું. બે-ત્રણ માસમાં તો એ નામામાં પારંગત થઈ ગયા.

મેઘજીએ બધી જ બૌદ્ધિક અને શારીરિક શક્તિ કામે લગાડીને કામ કરવા માંડ્યું. સતત ખંત, ચીવટ અને પ્રમાણિકતાથી, દિવસ-રાત જોયા વગર એ કામ કરતાં. ધંધાની આંટીઘૂટી શીખી શેઠના વિશ્વાસુ બની ગયા. આ નોકરીમાં અઢી વર્ષ પૂરા થતાં આ સાહસિક યુવાને ભારતથી બોલાવી લીધેલા ભાઈઓ સાથેના સંપ, કુટુંબનિષ્ઠા અને અંગત પુરુષાર્થ પર ભરોસો રાખીને આખરે સ્વતંત્ર વેપારમાં ઝુકાવ્યું અને 'રાયચંદ બ્રધર્સ'ના નામે ધંધો શરૂ કર્યો. જથ્થાબંધ માલ લાવી છૂટક વેચે. સાથે સાથે ઘરઆંગણે વેસેલિન અને હેરઓઈલ બનાવી ગામડે ગામડે ફરીને વેચે. ટૂંક સમયમાં જ તેમણે નૈરોબીમાં એક અને મળોલમાં બીજી દુકાન બાદ 'એલ્યુમિનિયમ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ વર્કસ લિમિટેડ' નામનું કારખાનું નાખ્યું. થોડા જ વર્ષોમાં નૈરોબીથી થોડે દૂર મીઠા નદીને કિનારે વૉટલ વૃક્ષો રોપાવી તેની છાલમાંથી ટેનીન કાઢવાનો વેપાર વિકસાવ્યો. આમ વિવિધ વેપારધંધાઓનો વિકાસ કરીને ૧૯૫૩ સુધીમાં ૩૧ વર્ષની કારકિર્દી દરમિયાન તેમણે પૂર્વ આફ્રિકા અને ભારતમાં ૫૫ જેટલી લિમિટેડ કંપનીઓ સ્થાપી દીધી.

લક્ષ્મીની અઢળક કૃપા હોવા છતાં લક્ષ્મીના દાસ બનવાનું એમને ક્યારેય પસંદ ન હતું. એમના પહેરવેશમાં સાદગી અને વર્તનમાં નમ્રતા હતી. પરિણામે એમના સાથીઓ અને હાથ નીચે કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓ તેમને એક વડીલ તરીકે માન આપતા અને સદાય એમને વફાદાર રહેતા. એ બધાની સુખસગવડનું પણ એ પૂરું ધ્યાન આપતા.

નિવૃત્તિમાર્ગથી દાન પ્રવૃત્તિ તરફઃ ઈ.સ. ૧૯૪૪માં વિમાનની મુસાફરી દરમિયાન એક વખત ખૂબ આંચકાઓનો અનુભવ થતાં તેઓ વિચારદશામાં ચડી ગયા અને ઉપાર્જન કરેલી વિપુલ સંપત્તિનો સદુપયોગ કરીને તેને સુવ્યવસ્થિત કરવાનો તેમણે નિર્ણય કરી લીધો. આ રીતે જનકલ્યાણની પ્રવૃત્તિરૂપી નિવૃત્તિમાર્ગ તરફ તેઓ વળ્યા. મેઘજીભાઈએ હવે કર્મરૂપી દુનિયાને તિલાંજલિ આપી દાનરૂપી ધર્મ તરફ પ્રયાણ કર્યું.

દાન માટે નાના નાના દાન આપવા કરતાં સુવ્યવસ્થિત યોજના કરી મોટું દાન આપી કોઈ નવી જ સંસ્થા કે વ્યવસ્થા ઊભી કરવામાં એમને વધુ રસ હતો. નામ કે કીર્તિ કમાવા માટે દાન કરવામાં એ માનતા ન હતા. દાન લેનાર વ્યક્તિ કે સંસ્થાને નીચું જોવું પડે એવી રીતે ક્યારેય દાન ન કરતા. જે સમાજમાંથી એ આવ્યા હતા એ સમાજને અને માભોમને ઉપયોગી થવાય એવી કેળવણી અને તબીબી વિષયક સહાય આપવામાં એમને વિશેષ રસ હતો. મોટી રકમના દાન માટેનો નિર્ણય બહુ જ ટૂંકા સમયમાં અને છતાં ખૂબ વિચારીને લેતા. સૌરાષ્ટ્રમાં જામનગરમાં મેડિકલ કૉલેજ શરૂ કરવા માટે રૂપિયા સાઈઠ લાખનું દાન તેમણે તે સમયમાં આપ્યું હતું.

સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર પ્રાથમિક શાળાના મકાનો, પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ સ્કૂલ અને છાત્રાલય, પ્રસૂતિગૃહ, હૉસ્પિટલ, ટાઉનહૉલ, સ્ત્રીવિકાસ ગૃહ, બાલગૃહ, રક્તપિત્તિયા હૉસ્પિટલ, વાચનાલયો, નર્સિંગ ટ્રેઈનિંગ કૉલેજ, અનાથાશ્રમ, સેનેટોરિયમ, અંધવિદ્યાલય, વાનપ્રસ્થાશ્રમ, દેરાસરો, ઉપાશ્રયો, ભોજનાલયો, કલા અને વિજ્ઞાનની કૉલેજો, કાયદો અને વાણિજ્યની કૉલેજો, ટેકનિકલ કૉલેજ, કમલા નેહરુ સ્મારક હૉસ્પિટલ, ટી.બી. હૉસ્પિટલ, કેન્સર હૉસ્પિટલ, વગેરે વિવિધ પ્રવૃત્તિઓમાં મેઘજીભાઈએ છૂટે હાથે દાન આપ્યું.

મેઘજીભાઈની એક ખાસિયત હતી કે એ પોતાની શક્તિ બહારની કોઈ યોજના ઘડતા નહીં, ચાહે વેપાર હોય કે સખાવત હોય.

આફ્રિકાઃ આફ્રિકામાં પણ પ્રાથમિક શાળાઓ શરૂ કરાવી. પુસ્તકાલયો ખોલ્યા, અનેક વિદ્યાર્થીઓને

ફી અને પુસ્તકોની, ઉચ્ચ શિક્ષણ માટે પરદેશ મોકલવામાં તથા શિષ્યવૃત્તિઓ આપવામાં પણ એ મદદ કરતા

૧૯૪૩માં બંગાળમાં કારમો દુકાળ પડ્યો, ત્યારે આફ્રિકામાં વસતા ભારતીયોએ પચાસ હજાર પાઉન્ડ જેવી જંગી રકમ એકઠી કરીને મોકલાવી. તેમાં મેઘજીભાઈનો ફાળો તન, મન, ધનથી ઘણો મોટો હતો. ફાળો એકઠો કરવા જતાં માન-અપમાનના પ્રસંગો તેઓ સહજ રીતે ગળી જતા. વળી ફાળો પોતાનાથી જ શરૂ કરે અને પોતે મોટી રકમ લખે એટલે અન્ય લોકો પાસેથી પણ સ્વાભાવિક રીતે જ મોટી રકમ મળી જતી.

દાન આપતી વખતે મેઘજીભાઈના મનના ભાવ એવા રહેતા કે ''હું એક ગામડામાંથી આવું છું, વર્ષો પહેલાં આજીવિકા માટે પરદેશ ગયેલો અને ઈશ્વરદયાથી વ્યાપારી પ્રવૃત્તિમાં ફળીભૂત થયો છું. હું માનું છું કે મારી કમાણી એ માત્ર મારી નથી, પણ મારા રાષ્ટ્રના ભાઈબહેનોનો તથા જે દેશમાં મેં મુખ્યત્વે આર્થિક વ્યવસાય કરેલો છે તે દેશના વતનીઓનો પણ એમાં હિસ્સો છે. હું સાર્વજનિક કાર્યોમાં શક્તિ મુજબ મદદ કરીને તેઓનો હિસ્સો જ ચૂકવી રહ્યો છું. એમાં કોઈના ઉપર ઉપકાર નથી કરતો પણ મારી ફરજ બજાવું છું.'' જીવનમાં આવી નમ્રતા અને ઉદારતા દાખવીને તેઓએ મહાત્મા ગાંધીજીની ટ્રસ્ટીશિપ ભાવનાને મૂર્તિમંત બનાવવાનો પ્રયત્ન કર્યો.

અંગત જીવન અને અનંતની યાત્રાઃ મેઘજીભાઈના ઘડતરમાં, જીવન વિકાસમાં, દાનપ્રવૃત્તિ વગેરેમાં એમના કુટુંબીજનોનો સિંહ ફાળો હતો. મેઘજીભાઈના પિતા પેથરાજભાઈ વાર-તહેવારે સગાં-સ્નેહીઓને પોતાના ઘેર નોતરતા. એમની સરભરા કરવામાં એમને આનંદ આવતો. તેમનાં પ્રથમ પત્ની મોંઘીબાઈ ઘણા સેવાભાવી હતા. માંદગીને કારણે ૧૯૩૦માં એમનું મૃત્યુ થયું. એમના બીજા લગ્ન મણિબેન સાથે થયા. મણિબેન તેમના દરેક કાર્યમાં ઊંડો રસ લેતા અને પતિને પ્રોત્સાહન આપતાં.

વેપારમાં આટલો બધો વિકાસ થવા છતાં કુટુંબ તરફ એ પૂરતું લક્ષ આપતા. બાળકોના અભ્યાસમાં અને સંસ્કારસિંચનમાં એ ઝીણવટથી રસ લેતા. દરેકને રુચિ પ્રમાણે યોગ્ય કેળવણી આપી, યોગ્ય ઠેકાણે લગ્નો કર્યા. દીકરીઓને પણ દીકરા જેટલી જ કેળવણી આપવી જોઈએ એમ એ માનતા હતા.

ગરીબો માટે ફક્ત રોજીરોટીનો જ વિચાર કરી તેઓ અટકી જતા ન હતા. તે જાણતા હતા કે અભણ લોકોના હાથમાં ગમે તેટલી આવક જશે તો પણ તે વેડફાઈ જવાની છે. એટલે આવકની સાથે એમની કેળવણી અને રહેણીકરણી પણ સુધરે તે માટે તેઓ બનતું બધું કરતા.

નિવૃત્તિ પછીના ચાર વર્ષ એમણે મોટે ભાગે ભારતમાં ગાળ્યા હતાં. આ અરસામાં તેઓ રાજસભાના સભ્ય પણ થયા હતા. એમને મન નિવૃત્તિનો અર્થ નિષ્ક્રિયતા ન હતો. પરંતુ અંગત લાભને બદલે બહુજનહિતાય કામ કરવું એ હતો. એ સમયે સખાવતો માટેના ટ્રસ્ટનું સંચાલન એ ખૂબ કાળજીપૂર્વક કરતા. ફરજ અને નિયમિતતાની એમની ભાવના અદ્‌ભુત હતી. તેઓ પોતાના મોભા કરતાં સાદગીને વધુ મહત્વ આપતા. લંડનમાં ઘરની મોટર હોવા છતાં ઓફિસે જવા તેઓ ભુગર્ભ ટ્રેનનો જ ઉપયોગ કરતા.

એમનામાં સૂક્ષ્મ વિનોદવૃત્તિ પણ હતી. તેઓ વાતાવરણમાં હળવાશ પણ લાવી શકતા.

અંતિમ દિવસોઃ મેઘજીભાઈનું આરોગ્ય એકંદરે સારું રહેતું, પણ તારીખ ૩૦-૭-૧૯૬૪ને ગુરુવારે સવારે ચા પીધા બાદ એકાએક તબિયત લથડતી ગઈ. હૃદયરોગનો હુમલો થઈ ચૂક્યો હતો. વધુ કંઈક ઈલાજ કરે ત્યાર પહેલાં પોણા બાર વાગે એ નશ્વર દેહને છોડી ચાલી નીકળ્યા.

મહાન પુરુષો એમના કાર્યોથી જ અમર બને છે. મેઘજીભાઈ આવા એક મહાન સેવાભાવી, ઉદ્યમી, દાનવીર અને સ્વાશ્રયી પુરુષ હતા. ◆

નોંધઃ પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી આત્માનંદજી લિખીત પુસ્તક ''અર્વાચીન જૈન જ્યોતિર્ધરો'' માંથી ઉપર્યુક્ત પ્રકરણ, અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

અન્યત્વ ભાવના

સંકલન : હર્ષા શાહ, મુંબઈ

ના મારાં તન રૂપ કાંતિ, યુવતી, ના પુત્ર કે ભ્રાતા ના;
ના મારા ભૃત સ્નેહીઓ સ્વજન કે ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારા ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

વિશેષાર્થ : આ શરીર તે મારું નથી, આ રૂપ તે મારું નથી, આ કાંતિ તે મારી નથી, આ સ્ત્રી તે મારી નથી, આ પુત્ર તે મારા નથી, આ ભાઈઓ તે મારા નથી, આ દાસ તે મારા નથી, આ સ્નેહીઓ તે મારા નથી, આ સંબંધીઓ તે મારા નથી, આ ગોત્ર તે મારું નથી, આ જ્ઞાતિ તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારા નથી, આ યૌવન તે મારું નથી અને આ ભૂમિ તે મારી નથી, માત્ર એ અજ્ઞાનપણાનો મોહ છે. સિદ્ધગતિ સાધવા માટે હે જીવ ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વભાવનાનો વિચાર કર વિચાર કર.

શ્રીમદ્ રાજચંદ્ર

એકત્વભાવનામાં આત્મામાં અંદર જોવાનું હતું આત્મનિરીક્ષણ કરવાનું હતું, આ અન્યત્વભાવનામાં બહાર જોવાનું છે, અવલોકન કરવાનું છે. બહારનો - પરનો સંબંધ આત્મા સાથે કેવો છે એનો બરાબર ખ્યાલ કરવાનો છે.

મહત્વપૂર્ણ વાત એ છે કે શું આપણું છે અને શું પારકું છે એ વાત સારી રીતે સમજી લેવાની છે. જીવ અનંત જન્મોમાં આ વાત સમજ્યો જ નથી. સ્વયંને ભૂલીને પરદ્રવ્યોને સમજવાનો ભરપૂર પ્રયત્ન કર્યો છે. આત્માનો, આત્માના ગુણોનો, આત્માની શક્તિનો વિચાર જ નથી કર્યો. પરિણામે ભય, શોક, હર્ષ, વિષાદ, ઉદાસી, વ્યાકુળતા, અશાંતિનો શિકાર બની ગયો છે.

જો જીવાત્મા આત્મસ્વભાવમાં લીન રહે તો હર્ષ - શોકના દ્વંદ્વ નહીં ઊઠે, ન તો ઉદાસિનતા આવશે, ન વ્યાકુળતા આવશે. જીવ શાંત, સ્વસ્થ, નિરાકુળ રહેશે. જેમ જેમ આત્મભાવમાં લીનતા વધશે તેમ તેમ આત્માનંદ - પરમાનંદનો અનુભવ થશે. જ્યાં સુધી અન્યત્વ ભાવનાથી નિશ્ચયથી ચેતના જાગૃત નહીં થાય ત્યાં સુધી શરીરની મુર્છા નહીં તૂટે. જેમ જીવ શરીરથી ભિન્ન છે એ રીતે સ્વજનોથી પણ પર છે, ભિન્ન છે એ સમજવાનું છે, પરંતુ સ્વજનોના સંબંધ જન્મની સાથે જ શરૂ થાય છે. જન્મ થતાં જ

માતા-પિતા, ભાઈ બહેન, કાકા-મામા વગેરે અનેક સંબંધોની જાળ વિસ્તરતી જાય છે કારણ કે અસંખ્ય ભવોમાં પર વ્યક્તિમાં સુખની કલ્પના જીવે કરી લીધી હોય છે.

અન્યત્વભાવનાનું હૃદયસ્પર્શી ચિંતન : હું (આત્મા) જેનાથી ભિન્ન છું એની સાથે મેં આત્મીયતા બાંધવાની ભૂલ કરી છે. જે કદી મારા નથી બન્યા એવા તત્વોને મારા માનવાની ભૂલ કરી છે. પર દ્રવ્યો સાથે ગાઢ બંધનમાં હું બંધાઈ ગયો છું.

મને સ્વજનો, પરિજનો, વૈભવસંપત્તિ, સારું સ્વાસ્થ્ય, શરીર સુખ આપશે એવી કલ્પનાઓ કરી હું **સ્વજનો** પાસે ગયો. એમની સાથે રહીને પ્રેમ કર્યો. એમની સાથે એકરૂપ થઈ ગયો. પરંતુ માતા-પિતાનું અવસાન થયું ત્યારે મારું હૃદય ચીરાઈ ગયુ. પુત્ર સ્વચ્છંદી, ઉદ્ધત થયો ત્યારે હૃદયમાં પારાવાર દુઃખ લાગ્યુ. ભાઈ-ભાભીએ વર્તન બદલ્યું, ઝગડવા લાગ્યા ત્યારે મન અત્યંત દુઃખી થયું. પત્ની સાથે પણ ઝગડા વધવા લાગ્યા ત્યારે સંતાપની સીમા ન રહી.

મને લાગ્યું સ્વજનો કરતાં **મિત્રો** સારા છે. તેમની સાથે સહવાસમાં થોડો સમય હું મારી જાતને સુખી માનવા લાગ્યો, પરંતુ ટૂંક સમયમાં જ મિત્રો-સંબંધી માટે મારી તમામ ધારણાઓ વેર-વિખેર થઈ ગઈ. મિત્રોએ દગો દીધો અને અસીમ વેદનામાં મારું દિલ કણસતું રહ્યું.

મને મારી **સંપત્તિ** પર પૂરો ભરોસો હતો. સ્વજનો - મિત્રો સાથેના સંબંધોની કૃત્રિમતા સમજાયા પછી વૈભવ-સંપત્તિ પરનો વિશ્વાસ ડગ્યો ન હતો. સુવિધાપૂર્ણ બંગલો, મઝાની ગાડી, ખર્ચ કરવા માટે પૂરતા રૂપિયા હતા. આથી આનંદમાં જીવનયાત્રા ચાલી રહી હતી. એક દિવસ કોઈએ મારા બંગલાને આગ લગાડી દીધી. મારું સર્વસ્વ ભસ્મીભૂત થઈ ગયું. એકલો એકલો હું દુઃખી દુઃખી થઈ ગયો.

સર્વસ્વ ખોઈ નાખ્યું પરંતુ મને મારા **શરીર** પર ભરોસો હતો. શરીર તો તંદુરસ્ત હતું. ગરીબીની ચુંગાલમાં ફસાયેલો હું એક સાધારણ ઓરડામાં રહેતો હતો, ત્યારે એક દિવસ મારું અડધુ અંગ જકડાઈ ગયું. મને લકવા થઈ ગયો. મારું શરીર આ રીતે રોગથી ઘેરાઈ જશે એવી તો મને સ્વપ્નમાં પણ કલ્પના ન હતી. આ સમયે મને એક પરમ સત્યનું કિરણ મળ્યું. **હું... સ્વજનો, મિત્રો, વૈભવ, શરીરથી જુદો છું, અન્ય છું, કોઈ મારા નથી.** આ ચાર તત્વોની સાથે મારો સંબંધ એ **કર્મ સંયોગજન્ય** છે. આંખો બંધ કરી મનને સ્વસ્થ ને શાંત કરી મેં આ પરમ સત્યને સમજવા કોશિશ કરી.

આમ અન્યત્વભાવના દર્શાવે છે કે જીવ-અજીવ સર્વે પદાર્થો અન્યોન્ય નિતાંત ભિન્ન છે, જુદા છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી કહે છે, ''પરાઈ વ્યક્તિ ઘરમાં ઘૂસે છે અને વિનાશ કરે છે.'' એવી રીતે પરપરિચયના પરિણામો પણ અત્યંત દુઃખદાયી છે. પરપરિચયનો મૂળ હેતું મમતામાં અને પરિતાપમાં છે. જીવ જેની ઉપર રાગ કરે છે, પ્રેમ કરે છે એના ઉપર દ્વેષ પણ કરે છે. જ્યાં રાગ ત્યાં દ્વેષ. રાગ-દ્વેષથી કર્મબંધ થતો રહે છે. કર્મબંધથી જ નવા કર્મ ઉદયમાં આવે છે. કર્મ ઉદયમાં આવવાથી જીવને સુખ-દુઃખ મળે છે. પુણ્યકર્મના ઉદયથી સુખ અને પાપકર્મના ઉદયથી દુઃખ મળે છે.

આત્મામાં કર્મોનો સંયોગ એટલે પરનો (પરવ્યક્તિ) પ્રવેશ. જ્યાં સુધી અજ્ઞાનવશ કર્મોનો સંયોગ રહેશે ત્યાં સુધી આત્મા દુઃખ પામતો રહેશે. આમ જ અનાદિકાળથી આધિ, વ્યાધિ, ઉપાધિ રહેશે. શોક સંતાપ રહેશે. આમ જ આત્મા દુઃખો ભોગવતો આવ્યો છે.

એટલા માટે જ્ઞાનીજનો ભેદજ્ઞાનની ચાવી બતાવે છે કે, જીવ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન છે,

દેહાદિ પુદ્‌ગલથી ભિન્ન છે. આત્મા જ્ઞાન - દર્શન આદિ ગુણોવાળો છે. આત્મામાં પરનો, જડદ્રવ્યનો કે તેના મમત્વનો પ્રવેશ જ સર્વ દુઃખ અને સંસાર પરિભ્રમણનું કારણ છે.

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર

આ કારણસર સૌથી પ્રથમ ભેદજ્ઞાન પ્રાપ્ત કરવું પડશે. હું કર્મોથી જુદો છું, કર્મો મારાથી ન્યારા છે એ જુદાઈનું જ્ઞાન **'ભેદજ્ઞાન'** કહેવાય છે. પુદ્‌ગલના જે ગુણધર્મો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એનાથી હું 'આત્મા' ન્યારો છું, અન્ય છું, આ અન્યત્વભાવના ભાવવાની છે.

વળી જ્ઞાનીઓ કહે છે સર્વ પરવસ્તુનું અનિત્યપણું વિચાર; એ તારી નથી એમ વિચાર, એ વહેલી મોડી જવાની છે એમ વિચાર, એમ વિચારી તેના પરનો મોહ ત્યજી દે. એટલે એ રહે કે જાય તને કોઈ આકુળતા-વ્યાકુળતા ન થવી જોઈએ. તે સર્વે કર્મબંધના હેતુ છે. મોહ અને મમત્વને કારણે આકુળતા-વ્યાકુળતા થાય છે પણ પહેલાથી જ એ વસ્તુ તારી નથી, એવો નિશ્ચય કરી રાખ્યો હોય તો પછી કોઈ ભાવિ દુઃખ, ખેદ, કર્મ આવરણનું કારણ રહેતું નથી.

આમ અન્યત્વભાવનાનું પ્રયોજન એ છે કે ભેદજ્ઞાન પ્રાપ્ત કરીને આત્મા શાશ્વત સુખ-આનંદ પ્રાપ્ત કરે, જે તેનો પોતાનો જ ગુણ છે. આત્માનું જ્ઞાનમાત્ર મોહક્ષયનું કારણ છે. તે બોધ પામી સ્વરૂપમાં સમાઈ જવા જેવું છે ત્યાં નિરાવધિ સુખ જ છે.

શાસ્ત્રોમાં પણ અન્યત્વભાવના ભાવતાં મહાન વિભૂતિઓ કેવળજ્ઞાનને પ્રાપ્ત થયાના દાખલા છે.

જેમ કે ગૌતમસ્વામી, મહાવીરસ્વામી ભગવાનના પટ્ટશિષ્ય; મહાવીરસ્વામીએ તેમનો નિર્વાણ દિવસ નજીક આવતા ગૌતમસ્વામીને બાજુના ગામમાં ઉપદેશ આપવા જવા કહ્યું. ત્યાં જઈને ગૌતમસ્વામીને જાણ થઈ કે મહાવીરસ્વામી મોક્ષે સિધાવ્યા. એ જાણીને ગૌતમસ્વામી અત્યંત દુઃખી થઈ ગયા. ખૂબ ખેદ કર્યો. પછી વિચાર્યું, **''ભગવાન તો વીતરાગી હતા, તેમને ને મારે શું સંબંધ? હું જ ભૂલ્યો, મેં જ અત્યંત રાગ કર્યો''** આમ અન્યત્વભાવનો વિચાર કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટ્યું.

એવી જ રીતે રાજરાજેશ્વર ભરતનું ઉદાહરણ પણ સચોટ રીતે અન્યત્વભાવના સમજાવી જાય છે. અત્યંત રાજવૈભવના સ્વામી, જેને શિરે છ ખંડની પ્રભુતાવાળો મુકુટ શોભે, જેની યશકીર્તિ ચારેબાજુ પ્રસરેલી હતી. અત્યંત ભોગવિલાસ અને સુખમાં બિરાજતા એવા ભરત રાજરાજેશ્વરના આખા દેહ ઉપર કિંમતી અલંકારો શોભાયમાન થતાં હતા. તેમાં હાથની એક આંગળીમાંથી વીંટી સરકી ગઈ. આંગળી અડવી લાગતા મનોચિંતનમાં પડી ગયા. વિચાર કરતાં કરતાં એક પછી એક બધી વીંટીઓ કાઢી લીધી અને અન્યત્વભાવમાં ઝુલવા લાગ્યા. વિચાર્યું, **''હું કેવળ પુદ્‌ગલની (અલંકારો) શોભાથી શોભું છું? એમાં મમત્વ રાખું તે કેવળ દુઃખપ્રદ અને વૃથા છે.''** રાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું વૈરાગ્યનું ચિત્ર પડ્યું, તિમિરપટ ટળી ગયું. શુક્લધ્યાન પ્રાપ્ત થયું, અશેષ કર્મો બળીને ભસ્મીભૂત થયા અને અનુપમ કાંતિમાન કેવળજ્ઞાન પ્રગટ થયું.

આ છે અન્યત્યભાવનાનો પ્રભાવ. પરપદાર્થની મમતા છોડી અન્યત્વભાવમાં જોડાતા યોગ્ય જીવ, જીવમાંથી શિવ થઈ જાય છે. ◆



Questions from Aspirants Answers by the Enlightened One

Q. આત્મજ્ઞાન જો મૃત્યુ પછી આત્મા સાથે જતું હોય તો ભણતર શા માટે નથી જતું ?

આત્મજ્ઞાન એ આત્માનું જ્ઞાન હોવાથી આત્માની સાથે જાય છે અને ભણતર બુદ્ધિનું જ્ઞાન છે એટલે દેહને બાળી નાખીએ ત્યારે દેહની સાથે બુદ્ધિ મરી જાય છે. શુદ્ધ આત્મા ઉપર અજ્ઞાનનું એક આવરણ છે, એની ઉપર બીજું આવરણ છે એવી રીતે જ્ઞાનની ઉપર જેટલા થર છે એ બધા જ્ઞાનાવરણ છે. કોઈપણ કારણે જ્ઞાનના જેટલા થર આત્મા પરથી ઓછા થાય એટલું જ્ઞાનાવરણ ઓછું થાય છે, એટલું જ્ઞાન પ્રગટ થાય છે. દા.ત. ભણવામાં કોઈક છોકરાને શરૂઆતથી છેવટ સુધી ૧૦૦ ટકા માર્કસ મળે છે જ્યારે કોઈક પહેલેથી છેલ્લે સુધી માંડ માંડ પાસ થાય છે. આત્માનો સાક્ષાત્કાર થયો નથી ત્યાં સુધી આત્મજ્ઞાન છે એમ ન કહી શકાય; જ્ઞાન છે એમ કહી શકાય. એવી રીતે બુદ્ધિનો વિષય છે એ બુદ્ધિનો ક્ષયોપક્ષમ છે એમ કહીશું અથવા જ્ઞાનનો ક્ષયોપક્ષમ કહેશું. એ બન્ને બીજા ભવમાં સાથે જાય છે. પણ આત્માનો સાક્ષાત્કાર જ્યારે થાય, એટલે પરમાર્થે જે જે આરાધના કરીએ છીએ એ સદ્‌ગુરુના આશ્રયે, સમજણ સાથે થાય છે તો એ મોક્ષનું કારણ થાય એવા શુભ કર્મ બાંધીએ છીએ. એ શુભ કર્મ જે બંધાય છે તે આત્માની સાથે જાય છે. આત્મા ગમે ત્યાં જાય, પણ મોક્ષનું કારણ થાય એવા શુભ કર્મ જો બાંધેલા હોય તો તેનું ફળ બે, પાંચ કે પંદર ભવે મોક્ષ થાય.

Q. શાંત સુધારસ શું છે ?

રસ છ સાત પ્રકારના છે જેમ કે શૃંગારરસ, શૌર્યરસ વિગેરે. જીવ શાંત, શાંત અને શાંત રહ્યા કરે એ શાંતભાવ છે; શરીરની અંદર અમુક જાતનો રસ ઉત્પન્ન થાય અને હૃદયની અંદર ઠલવાતો હોય એને સુધારસ કહેવામાં આવે છે. શાંતરસ એટલે કોઈપણ ભાવનું ન હોવું, સંસારના કોઈપણ વિભાવનું ન હોવું. આત્મા અત્યંત સ્થિર, સ્વસ્થ થઈ પોતાના સ્વભાવમાં રહ્યા કરતો હોય ત્યારે એ શાંત સુધારસમાં અથવા શાંતરસમાં છે એમ કહેવાય. આવી શાંતિ જ્યારે અંતરમાં ચાલતી હોય, જીવ પોતાના સ્વભાવમાં હોય, ત્યારે શરીરમાંથી અમુક જાતના પ્રવાહો બે પ્રકારે વહે; હૃદયમાંથી વહી આખા શરીરમાં પ્રસરે, હૃદયમાંથી પગના અંગુઠા સુધી, હાથની આંગળીઓ સુધી. કોઈવાર ઉલટા પ્રકારે વહે. પગના અંગુઠાથી હૃદયમાં ઠલવાય, હાથની આંગળીઓથી હૃદયમાં ઠલવાય એ પ્રમાણે થાય. એ એકાગ્રતાને કારણે આત્મા વધારે ગાઢ, શાંત સમાધિમાં જઈ શકે. કોઈપણ વિભાવ વગર અત્યંત શાંત હોઈએ અથવા સ્વરૂપસ્થિતિની દશા હોય એને શાંત કહીએ. શાંત સુધારસ નામના પુસ્તકમાં બાર ભાવનાઓ છે એનું વાંચન કરી સંસાર પ્રત્યે બળવાન વૈરાગ્ય ઉત્પન્ન થાય તો એનો અર્થ આત્મામાં વધારે ઉંડી સ્થિરતા થઈ અથવા આત્મા શાંત થયો એમ કહેવાય. ◆

અખાના છપ્પા

હેતલ દોશી, મુંબઈ

સાધક સાધનને જ ધર્મ માને છે અને સાધનથી જે સાધ્ય કરવાનું છે એ તે ભૂલી જાય છે. પોતાને ઓળખ્યા વગર કરેલા ગમે એટલા વ્રત, તપ કે વેશ પરિવર્તન એ સાંકડી ગલીમાં ભૂલા પડ્યા જેવું છે કે જ્યાંથી પાછું ગંતવ્ય પર પહોંચવું મુશ્કેલ છે.

જ્ઞાની પુરુષ મળી જતાં અનંત કર્મથી કેમ છૂટવું એ મુક્તિનું રહસ્ય જીવને જ્ઞાનીનું જ્ઞાનીપણું સમજાતાં સમજમાં આવે છે.

પ્રત્યક્ષ જ્ઞાનીની આધિ, વ્યાધિ, ઉપાધિમાં પણ ટકી રહેતી આત્મિક સમાધિનું જીવ નિરીક્ષણ કરે છે.

પહેલા જરાક માથુ દુ:ખતું તો આખું ઘર માથે લેતી અને ભૂલેચૂકે કોઈ અડફેટમાં આવી ગયું તો એની ખેર ન રહે. એનું માથું ફેરવી દે. એક વખત પૂજ્યશ્રીને મળવા તેમના ઘેર ગઈ હતી. ખૂબજ શાંતિથી એક-દોઢ કલાક બેસવા મળ્યું.

બીજા દિવસે પૂજ્યશ્રીના નિકટ એવા એક મુમુક્ષુ સાથે એ વાત થઈ ત્યારે એ મુમુક્ષુ બહેને પૂછ્યું, ''પૂજ્યશ્રીને કેમ હતું?'' એટલે મેં સામે સવાલ પૂછ્યો, ''કેમ એમની તબિયત સારી નહોતી?'' ત્યારે મુમુક્ષુ બહેને કહ્યું કે એમને ખૂબ બેક પેઈન હતું. મને થયું હું તો એમની સામે જ બેઠી હતી પણ મને એમના મુખ પરની એક રેખા પર દર્દનો અહેસાસ ન દેખાયો. ત્યારે સમજાયું જ્ઞાની સમતાથી દર્દ સહે.

બીજી વેળા જ્યારે પૂજ્યશ્રીને મળવા ગઈ ત્યારે પૂછ્યું, ''હું ગઈ વેળા તમને મળવા આવી ત્યારે તમને આટલું બધુ બેક પેઈન હોવા છતાં તમે કંઈ જણાવ્યું નહીં તેમજ તમારા મુખ પરની શાંતિ, આનંદ જોઈને મને જરાપણ એવું ન લાગ્યું કે તમને આટલું જબરદસ્ત પેઈન છે. આટલા દુ:ખાવામાં તમે કેવી રીતે આટલી સમતા રાખી શકો છો? આવી વેદનામાં આટલી શાંતિ, સમતા? હું તમારી આ અદા પર ફીદા થઈ ગઈ છું. પ્રભુ મને પણ આપના જેવી દશા જોઈએ છે. દેહભાવથી છોડાવો, શાંત, સમભાવમાં કેમ રહેવું એ શિખવાડો આવા ભાવ વ્યક્ત કર્યા ત્યારે પૂજ્યશ્રીએ લખી આપ્યું -

''દ્રવ્ય-ભાવ સંયોગથી છૂટવાની ભલામણ શ્રી તીર્થંકરે કરેલી છે. દ્રવ્ય અને ભાવથી છૂટવા કંઈક શારીરિક અશાતા અખંડપણે ચાલે તો બળવાન પુરુષાર્થ થાય. દેહથી ભિન્ન આત્માનો લક્ષ રાખવાનું થયા કરે. તેવી જ રીતે ભાવ ચિંતા રહેતી હોય તો ત્યાં આર્તધ્યાન નથી કરવું એવા ભાવે કરી ધર્મધ્યાન થાય અને સ્વભાવમાં આવી શકાય''

પછી કહ્યું, ''હમણાં સામે ચાલી આવી કોઈ વેદના માગવી / બોલાવવી નહીં. અત્યારે આત્મા એવો સ્ટ્રોન્ગ ન થયો હોય તો સમતા ન રહી શકે ઉલટું હાય વોય વધે - આર્તધ્યાન થાય.''

આ વચન દરરોજ વાંચતી અને પૂજ્યશ્રીની શાંત સૌમ્ય મુખમુદ્રા સ્મૃતિમાં આવતી. આ વચનનું અંદરમાં ઘૂંટનનું પરિણામ સવા વર્ષ પહેલાં દેહ છૂટી જાય એવી બિમારી (ડેંગ્યું અને ચિકનગૂનીયા) મને આવી ત્યારે સમજાયું.

ભયંકર પીડા, માથામાં કોઈએ અગ્નિ મૂકી હોય એવી બળતરા, કોઈનો જરાપણ અવાજ સહન ન થાય ત્યારે જ્ઞાનીનું વચન યાદ આવ્યું અને ખૂબ બળવાન પુરુષાર્થ ઉપડ્યો. દુ:ખાવો અને નબળાઈના કારણે કોઈ કામ કરી શકવાની સ્થિતિ જ નહોતી. એક મહિનો પથારીમાં સૂતા સૂતા જ કાઢ્યો એટલે કે દ્રવ્ય સંયોગ નહોતો ત્યારે, વચન - મુદ્રા ભાવ સંયોગથી છૂટવા માટે ખૂબ મદદરૂપ થયા. દર્દ સહનશક્તિની બહાર થઈ જતું તો પૂજ્ય પપ્પાજીને ફોન કરતી અને એમનું હેલો સાંભળી મારી વેદના જતી. સ્વરૂપમાંથી હલતી વૃત્તિને, ''હું આત્મા છું, કર્મના કારણે આ વેદના છે'' એમ સ્વ તરફ જવા મદદ કરતી અને બળવાન ક્ષમાપના કરાવી દેહ છૂટી જાય એવી પીડા સહન કરાવી નવજીવન આપ્યું.

જે પહેલા નાના અમસ્તા માથાના દુ:ખાવાને સહન નહોતી કરી શકતી એ કેવી રીતે પ્રત્યક્ષ જ્ઞાનીના સમાગમથી, પ્રભુ કૃપાથી આધિમાં એમની ટકેલી સમાધિ જોઈ હું પણ શાંત રહી શકી. ઘરના લોકોએ કહ્યું, કે આટલી પીડા હોય તો અમારાથી સહન ન થાય, અમે શાંત ન રહી શકીએ. એ તો તું જ સહન કરી શકે.

ગજસુકુમારને માથે સગડી મુકાણી અને એ સમાધિમાં રહ્યા અને કેવળજ્ઞાન પ્રગટ્યું. મેતારજ મુનિને માથે સોનીએ વાધર બાંધી અને ધાણી ફુટે એમ કર્મોને ફોડી સમતા રાખી સ્વરૂપસ્થ રહ્યા અને સર્વ ઘાતી અઘાતી કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. ગજસુકુમાર, અનાથી મુનિ અને મેતારજ મુનિની વાર્તા વાંચેલી પણ એવી અગ્નિ જેવી પીડા મારે સહન કરવાની આવે તો કેમ શાંત રહેવું એ કદાચ જ્ઞાનીને વેદનીયમાં શાંત સમતામાં રહેલા ન જોયા હોત તો, અને એમનું યોગબળ ન મળ્યું હોત તો કદાચ કરવું શક્ય ન હોત. જો જ્ઞાનીના સમાગમથી, એકભવની થોડી સમજણથી આટલું શાંત રહી શકાય તો ૨-૫ ભવે સંપૂર્ણ શાંત - આત્મભાવમાં રહી જ શકાશે એ ખાત્રી છે.

આમ ભગવાનની મૂર્તિ જેવા શાંત, અડોલ, અકંપ પ્રતિમા જેવા થવું એ જીવનો લક્ષ છે પણ એ લક્ષ કેવી રીતે પ્રાપ્ત કરવો એ બોલતી મૂર્તિમાં, પ્રત્યક્ષ જ્ઞાનીમાં 'હાં હરિ છે' જ એટલે કે આવી સજીવન મૂર્તિનું અવલોકન કરતા શાંત, સમભાવમાં રહેવાનું બળ મળે છે.

આધિની જેમ વ્યાધિ - એટલે કે કુટુંબ સંબંધી ચિંતા. જ્ઞાની પુરુષ દેહધારી છે માટે પૂર્વના ઋણાનુંબંધી કુટુંબીજનો પણ છે. પરિવારજનોને કંઈક થાય ત્યારે સાધારાણ જીવો કેવી હાય-વોય, દોડાદોડી અને ચિંતા કરતા હોય જ્યારે જ્ઞાની ભગવાનને આવી વ્યાધિના પ્રસંગમાં જોવાનો અવસર મળ્યો હોય તો સમજાય કે એમણે પોતાના દેહની આસક્તિનો ત્યાગ કર્યો છે. એવી જ રીતે પરમાંથી પણ, એટલે કે ''મારા કુટુંબીજનો છે'' એવો મારાપણાનો, આસક્તિનો ત્યાગ કર્યો છે. જ્ઞાનીની વ્યાધિ સમયે ચિત્તની સ્વસ્થતા અને આત્મ સમાધિ જોઈ જીવ પણ વ્યાધિમાં સમાધિ કેમ રાખી શકાય એ બોધપાઠ પામે છે. પરમાંથી મારાપણાનો ત્યાગ કરી ફરજ તો બધી જ બજાવવાની છે તો જ કર્મથી છૂટાય. મારાપણાનો ત્યાગ કર્યો છે માટે ત્યાં નવું કર્મબંધન નથી.

ઉપાધિ : ભવિષ્યની ચિંતા

જ્ઞાની હંમેશા વર્તમાનમાં જ જીવતા હોય છે, ક્યારેય ભવિષ્યની ચિંતામાં જ્ઞાની દેખાય નહીં કારણ તેઓ ચિંતાને ચિતા સમાન જાણે છે.

જીવ ક્યારેય વર્તમાનમાં જીવી જ નથી શકતો. પ્રત્યેક વેળા ભૂતકાળ અથવા ભવિષ્યકાળમાં જ જીવતો હોય છે. જ્ઞાનીના સમાગમથી 'બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી' ની દ્રઢ સમજણ મળતાં અને મારા કરેલા કર્મ સિવાય મને કોઈ હેરાન ન કરી શકે અર્થાત પૂર્વે મેં ભૂલ કરી છે, હવે ફળ ભોગવીશ એમ વિચારી કર્મથી ડરવાને બદલે સામનો કરવા જીવ તૈયાર થાય છે.

ભવિષ્યની ચિંતા કરી વર્તમાનમાં દુ:ખી થવાનો શું મતલબ, ભવિષ્યની વાત ભવિષ્યમાં. અત્યારે તો આત્માના આનંદમાં રહું. આમ ઉપાધિને બદલે વર્તમાનમાં આત્મભાવમાં કેમ રહેવું એ અખાજી કહે છે. ◆

સત્ સમાગમ



સાયંકાલનો સમય છે. સંધ્યાના સુંદર ગુલાબી રંગો આકાશમાં ફરી વળ્યા છે. ગંગામાં એ રંગોનું પ્રતિબિંબ પડે છે. ગંગાના વિશાળ ઘાટ પર ભાતભાતનાં ને જાતજાતનાં લોકો ટોળે વળ્યા છે. જાણે કે મોટો મેળો ભરાયો છે.

હરિદ્વાર શહેરનો આ ઘાટ એટલો બધો ચિત્તાકર્ષક અને સુંદર છે કે વાત નહીં. એનું દર્શન કરવું એ પણ જીવનનો એક મોટો લહાવો છે.

ઘાટ પર ક્યાંક કથા થાય છે, ક્યાંક ઉપદેશ આપવામાં આવે છે, ક્યાંક નાના નાના દુકાનદારો ફુલની દુકાનો માંડીને બેઠા છે, તો ક્યાંક સ્થાયી અથવા અસ્થાયી પ્રવાસીઓ ટોળે વળીને બેઠા છે. કોઈ કુતુહલવશ થઈને ફરી રહ્યા છે. ગંગામાં વૈશાખ મહિનાના આ દિવસોમાં સ્નાન કરનારા લોકો પણ કાંઈ ઓછા નથી.

એવે વખતે એક પંડિતજી એક ઊંચા મકાનના ઓટલા પર બેસીને અવારનવાર એકની એક વાત બોલી રહ્યા હતા. 'આગલી છોડો, પાછલી છોડો, વચલી લેજો પકડી.' એ સાંભળીને કેટલાક લોકો ત્યાં ટોળે મળ્યા હતા. પંડિતજીના શબ્દો એમને ભારે અજબ જેવા લાગતા હતા. ટોળામાંથી કોઈ કોઈ તો કહેવા પણ માડયાં, 'બુઢા હો ગયા ફિર ભી અભી સ્ત્રીયોં કા મોહ નહીં મિટા.'

'અરે ભાઈ, બુઢા હુઆ તો ક્યા હુઆ ? મોહ અવસ્થા પર થોડા હી નિર્ભર રહતા હૈ ? વહ તો બુઢેપનમે ભી હો સકતા હૈ.'

'લડકિયાં બડી અજબ હોતી હૈ, કોઈ મિલેગી તો પંડિત કા સિર તોડ દેગી.'

'ક્યા દુનિયા હૈ ? તીરથમેં આયા હૈ ઔર ગંગામૈયા કે કિનારે પર બૈઠા હૈ, ફિર ભી ઉસકા મન નહીં સુધરા.'

પરંતુ પંડિતજી તો વારંવાર, વચ્ચે અટકીને એનો એજ જપ જપી રહ્યા હતા, 'આગલી છોડો, પાછલી છોડો, વચલી લેજો પકડી.' કોઈ કોઈ પ્રવાસીઓ એવા હતા જે પંડિતની વાતને લેશ પણ મહત્વ નહોતા આપતા. પંડિતના શબ્દોને સાંભળ્યા ન-સાંભળ્યા કરીને ત્યાંથી પસાર થતાં હતા.

કેટલાક દિવસ લગી તો એમ ચાલ્યું એટલે રોજ નિયમિત રીતે ઘાટ પર આવનાર લોકો એ શબ્દોથી ટેવાઈ ગયા, પરંતુ એક સાજે પંડિતજીની દશા ભારે કફોડી બની ગઈ. એ પોતાની સુપરિચિત પ્રિય પંક્તિ બોલી રહ્યા હતા તે જ વખતે એમની આગળથી ત્રણ છોકરીઓ પસાર થઈ ગઈ.

પંડિતજીના શબ્દો સાંભળીને એ અત્યંત રોષે ભરાઈ ગઈ. ખાસ કરીને વચલી છોકરીને તો ઘણું જ માઠું લાગ્યું. એ તરત જ બોલી ઊઠી 'બુઢે ઐસા બોલનેમેં તુઝે શરમ નહીં આતી ?'

'તેરા કાલ આ ગયા હૈ ક્યા ?' બીજી બોલી

ત્રીજીએ પણ તરત કહ્યું 'અભી તેરા શિર ફોડ દેતી હું.'

અને બુઢા પંડિત પર એના ચંપલનો પ્રહાર થવા માંડ્યો...

જોતજોતામાં તો ત્યાં લોકોનું ટોળું જામી ગયું.

'ક્યા હૈ ? ક્યા બાત હૈ ?' 'ક્યા હુઆ ?'

'હોગા ક્યા ?' છોકરી ચંપલ પહેરતા બોલી, 'યે મુઝે પકડ કે લે જાના ચાહતા હૈ, દેખું તો સહી, મુઝે કૈસે લે જાતા હૈ ! હૈ બુઢા, લેકિન ઉસને મેરી દિલ્લીગી કી.'

માણસો પંડિતજીને ઠપકો આપવા માંડ્યા.

કોઈ દમદાટી પણ દેવા માંડ્યા. બે ત્રણ પોલીસો પણ ત્યાં આવી પહોંચ્યા.

પંડિતજીએ શાંતિથી કહ્યું 'મૈંને યે લડકિયોં સે કુછ કહા હી નહીં, યે મેરે પર બેકાર ગુસ્સે હો રહી હૈ.'

છોકરીઓ નાગણની પેઠે છંછેડાઈને બોલી ઊઠીઃ 'એક તો મજાક ઉડાતા થા ઔર પકડા ગયા તબ સફાઈ કર રહા હૈ ?'

'સફાઈ કર રહા હું !'

'તો ફિર ક્યા કર રહા હૈ ?'

'જો સહી બાત હૈ વહ બતા રહા હું.'

'ક્યા સહી બાત હૈ ?'

'યહ કી મૈને આપસે કુછ નહીં કહા.'

'તો કિસસે કહા ?'

'કિસસે નહીં. મૈ કિસકી ઐસી મજાક કયોં કરતા ? મૈ તો ધરમકી એક બાત બતા રહા થા.'

'ધરમ કી બાત ? લોકોને આશ્ચર્ય થયું.'

'હાં, ધરમ કી બાત. પંડિતે સ્પષ્ટીકરણ કર્યું: કુછ દિન પહેલે મૈં ગુજરાત ગયા થા. વહાં એક ગુજરાતી સંત યહ વાક્ય બોલા કરતે થે. ઉસને ઉસકા અર્થ યહ બતાયા કિ પહલી બાલ્યાવસ્થા તો ખેલકૂદ ઔર અજ્ઞાનમેં બીત જાતી હૈ ઔર પીછલી વૃદ્ધાવસ્થા ભી લાચારી તથા આસક્તિ મેં હી કાટની પડતી હૈ. ઈસી લિયે ઉન દોનોં અવસ્થાઓં કો છોડકર બીચમેં રહનેવાલી યુવાવસ્થામેં હી આત્મા કા કલ્યાણ કર લો, બીચવાલી યુવાવસ્થા કો હી પકડ લો. મુઝે વહ બાત બડી અચ્છી લગી. તબસે મૈં ઉસી બાત કો ઉસ સંત કે શબ્દોમેં દોહરા રહા હું. ઉસમેં કીસી લડકી કી દિલ્લગી કરનેકી બાત હી નહીં હૈ.'

પંડિતજીના સ્પષ્ટીકરણથી બધા લોકો ઠંડા થઈ ગયા. છોકરીઓ પણ શાંત થઈ અને પોતાના વર્તનને માટે અફસોસ કરવા લાગી.

કોઈ શાણા માણસે પંડિતજીને કહ્યું પણ ખરું, બાત કિતની હી અચ્છી હો, લેકિન સાફ શબ્દોમેં કહને કી જરૂરત હોતી હૈ, નહીં તો નતીજા અચ્છા નહીં નીકલતા.

બીજાએ કહ્યું, 'શબ્દ તો સાફ થે, લેકિન સાર સાફ નહીં થા.'

'દોનોં સાફ ચાહિયે.'

ધીરે ધીરે ટોળુ વિખરાયું. ◆

प्रेरक प्रसंग

सत्य दृष्टि

किसी नगर में एक सेठ रहता था। उसके पास लाखों की संपत्ति थी और भरा पूरा परिवार था। सब तरह की सुख-सुविधाएँ थीं। अभाव न किसी वस्तु का था न व्यक्ति का। इतना सब कुछ होते हुए भी उसका मन हमेशा अशान्त रहता था।

कुछ दिन तो उसने अपने जीने का तरीका इस तरह से बनाया कि जो भी इच्छा मन में जागृत होती वह उसकी पूर्ति कर लेता था, परन्तु एक चाह की पूर्ति दूसरी चाह पैदा करके ही दम लेती थी। अत: थोड़े दिनो में उसकी चिन्ता और भी बढ़ती चली गई।

जब दिनोंदिन उसकी सेहत गिरने लगी तो लोगों ने मिलकर उसे सलाह दी, "आपकी बीमारी को कोई वैद्य या डाक्टर ठीक नहीं कर सकेगा। यदि आप शान्ति पाना चाहते हैं तो अमुक साधु की शरण में चले जाओ, वह तुम्हें अवश्य मार्ग बतायेगा।"

सेठ को लोगों की बात जच गई। दूसरे दिन वह साधु के चरणों में पहुँच गया। श्रद्धा भाव से नमन करके उन्हें अपना कष्ट बताकर प्रार्थना की, "महाराज! जैसे भी हो मेरी अशान्ति दूर कीजिए।"

साधु ने उसकी बात ध्यान से सुनी और कहा, "अमुक नगर में एक बहुत बड़ा धनी आदमी रहता है उसके पास जाओ, वह तुम्हें रास्ता बतायेगा तथा शान्ति की विधि भी समझायेगा।"

सेठ ने सोचा साधु उसको बहका रहा है। उसने साधु से कहा, "स्वामीजी! मैं आपके पास बड़ी आशा लेकर आया हूँ। आप ही मेरा उद्धार कीजिए।" लेकिन साधु ने दोबारा वही बात दोहरा दी।

संत के वचन तर्क से रहित होते हैं यह सोचकर सेठ उस नगर की ओर रवाना हुआ। वहाँ पहुँचकर देखता है कि उस धनपति का कारोबार चारों ओर फैला हुआ है। करोडो का व्यापार है फिर भी उस धनिक का चहेरा फूल की तरह खिला हुआ है। वह एक ओर बैठ गया और सोचने लगा, यह धनी तो माया में फँसा हुआ है और अनेक झंझटों से घेरा हुआ है अत: यह क्या मुझे रास्ता बतायेगा?

इतने में एक आदमी आया, उसका मुँह उतरा हुआ था। उसने घबराते हुए कहा, "मालिक! हमारा जहाज समुद्र में डूब गया है और लाखों का नुकसान हो गया है।"

उद्योगपति ने मुस्कुराकर कहा, "मुनीमजी! इसमें परेशान होने की क्या बात है? व्यापार में तो ऐसा होता रहता है।" इतना कहकर वह अपने साथी से उसी तरह बात करने लगा।

थोड़ी देर में दूसरा आदमी आया, जिसके चेहरे पर खुशियों की तरंगें थी। वह बोला, "सरकार! रूई के दाम बढ़ गए हैं, हमें करोड़ो का फायदा हो गया है।"

धनिक ने कहा, "मुनीमजी! इसमें खुश होने की क्या बात है? व्यापार में तो ऐसा होता रहता है।"

सेठ को अपनी समस्या का समाधान मिल गया। उसने समझ लिया कि शांति का स्त्रोत वैभव में नहीं अपितु मन की समता में है।

चाहते हम भी हैं, मन में समता जागे किन्तु चाहने मात्र से समता नहीं आ जायेगी। समता साधने के लिए मन को मार्गदर्शन देना होगा, जीवन में अच्छा-बुरा जो भी हो रहा है वह अपने कर्मो का प्रतिफल है। इस तरह का चिन्तन मन में समता दीप को प्रज्वलित कर सकता है। ◆

Brain Washed

Utsavi Chheda, Mumbai



Everyone is climbing onto the 'diet foods' bandwagon these days. Blame our new found consciousness for healthy eating that has led FMCG companies to come up with a host of high nutrition foods and then suavely marketing them as essential lifestyle products. From heart-healthy cooking oil, whole-wheat bread, digestive biscuits, oatmeal, fat-free dressings, crunchy granola bars, fruit-flavoured yoghurt, to dry fruit-sprinkled muesli, we have begun hoarding everything that screams 'low calorie' in a last ditch effort to save our health.

Advertising gimmicks like 'fat free ', 'low fat', 'low calorie' etc have to be taken with a pinch of salt. It is important to read the label carefully. Consumers check the expiry date of such products but do not bother to read the label. In the hope of losing weight or getting fitter, or because we are desperate for fat loss or sometimes simply because we are misinformed consumers, many of us fall prey to the marketing gimmicks of food manufacturers.

If you're planning on stocking up on health foods too, or are already in the process of doing so, here are some little-known facts about those available in the Indian market:

- 80 percent of these foods are not really 'diet' or low-fat, as they claim.
- Most diet substitutes are more expensive than regular food items.
- Real diet food does not taste as good as the original.
- You cannot eat diet food in endless quantities and cease to worry about your calorie intake.
- Most diet foods will have you feeling lighter -- but only in your wallet!

Consumers need to understand that soup powders, pickles and other ready to

eat processed foods are loaded with salt or sugar or oil to extend the product's shelf life and as a result, human waist lines.

Once upon a time convenience foods consisted largely of readymade or easy to make versions of food stuff which were difficult to produce from scratch. Eg. Gulab Jamun mix, Rava idli mix etc. But now, companies puree fresh garlic or tomato and pack it in jars. Lemon juice is available in a concentrated form. It is so easy to squeeze a lemon, but when we are pressed for time, we have excuses not to do so.

If you are a calorie-conscious person and plan to become or stay slim, you need not spend large sums of money on diet foods. You can eat healthy without overspending and here's how:

- The first thing you need to do is make a habit of reading the labels on every food product you buy. A dessert that is advertised as 'completely sugar-free' may be using artificial low-calorie sweeteners to replace the sugar content, but what about the fat? Ask yourself; is it really possible that a 'fat-free sponge cake' is completely devoid of fat? Usually such cakes don't contain butter or margarine, but they more than make up for with six to eight egg yolks, which can shoot your cholesterol levels through the roof!
- Sometimes one bad ingredient is replaced by an even unhesalthier substitute, for instance, instead of normal cane sugar your product may be using liquid glucose, sucrose, fructose or any other form of sugar to appear sugar-free. This not only makes it more calorie-dense, but also more expensive.
- Do you know that 90 percent of the time a label that reads 'brown bread' actually means that you are paying extra for coloured white bread, as caramelized sugar is added to make the bread brown by appearance. So read the label to see if the brown bread is actually whole-grain or made with at least 75 percent whole wheat flour and only then invest in it.
- You might think you're doing yourself a favour by sipping on a 'diet cola' instead of a regular one whenever temptation takes over. While that is okay once in a while, drinking colas (diet or otherwise) regularly gets you addicted to them due to their caffeine content. They use artificial flavouring and their acid content is not good for your teeth and bones in the long run. Moreover, a can of a diet cola costs about Rs 35, while a natural and much healthier option like coconut water costs the same and comes with a side-benefit - it's great for your skin! You can also up your dose of Vitamin C and refresh yourself with a glass of freshly-squeezed lime juice for just Rs 5. So replace those colas in your refrigerator with natural drinks that are cheaper and healthier and don't forget the cheapest and best drink of them all -- water.

In conclusion, if something really is making a difference to your health, it's okay to spend a little bit extra on it. Tetra pack milk, for instance, is less adulterated and more hygienic than what you buy from the local milkman. But weigh your options carefully before spending your hard-earned money on foods that don't make a dramatic difference to your calorie intake and still cost a lot more than regular products.

So quit falling for the following gimmicks and get practical ! ◆

– **Contributed by Readers**

Black and White



When I was in elementary school, I got into a major argument with a boy in my class. I have forgotten what the argument was about, but I have never forgotten the lesson I learned that day. I was convinced that "I" was right and "he" was wrong – and he was just as convinced that "I" was wrong and "he" was right.

The teacher decided to teach us a very important lesson. She brought us up to the front of the class and placed him on one side of her desk and me on the other. In the middle of her desk was a large, round object. I could clearly see that it was black. She asked the boy what color the object was. "White," he answered. I couldn't believe he said the object was white, when it was obviously black! Another argument started between my classmate and me, this time about the color of the object.

The teacher told me to go stand where the boy was standing and told him to come stand where I had been. We changed places, and now she asked me what the color of the object was. I had to answer, "White." It was an object with two differently colored sides, and from his viewpoint it was white. Only from my side it was black.

Sometimes we need to look at the problem from the other person's view in order to truly understand his/her perspective.



Mother's Day

A man stopped at a flower shop to order some flowers to be wired to his mother who lived two hundred miles away. As he got out of his car he noticed a young girl sitting on the curb sobbing. He asked her what was wrong and she replied, "I wanted to buy a red rose for my mother and I don't have enough money." The man smiled and said, "Come on in with me. I'll buy you a rose."

He bought the little girl her rose and ordered his own mother's flowers. As they were leaving he offered the girl a ride home. She said, "Yes, please! You can take me to my mother." She directed him to a cemetery, where she placed the rose on a freshly dug grave.

The man returned to the flower shop, canceled the wire order, picked up a bouquet and drove the two hundred miles to his mother's house

Light Moments

Physics Teacher: "Isaac Newton was sitting under a tree when an apple fell on his head and he discovered gravity. Isn't that wonderful?"

Student: "Yes sir, if he had been sitting in class looking at books like us, he wouldn't have discovered anything."

****

Two factory workers talking: Woman: "I can make the boss give me the day off." Man: "And how would you do that?" Woman: "Just wait and see." She then hangs upside ¬down from the ceiling.

Boss comes in: "What are you doing?" Woman: "I'm a light bulb." Boss: "You've been working so much that you've gone crazy. I think you need to take the day off."

The man starts to follow her and the boss says: "Where are you going?" The man says: "I'm going home, too. I can't work in the dark."

A man talking to God:

The man: "God, how long is a million years?"
God: "To me, it's about a minute."
The man: "God, how much is a million dollars?"
God: "To me it's a penny."
The man: "God, may I have a penny?"
God: "Wait a minute.

તત્ત્વ ઉકેલ (માર્ચ- ૨૦૧૫)



આડી ચાવીઓ :

૨) ..... વડે તત્વની સિદ્ધિ છે. (૩)

૩) ..... સરળ છે પ્રાપ્તિ દુર્લભ છે. (૨)

૪) ..... તે સર્વ કર્મનો ક્ષય થવો તે. (૨)

૭) સાચી સમજણ તે ..... છે. (૨)

૯) સર્વ જીવોની નિગોદથી લઈ એકેન્દ્રિયથી પંચેદ્રિય સુધીના સર્વ જીવોની સાચા હૃદયથી ..... કરવી યોગ્ય છે. (૪)

૧૦) જે સંસારને વિશે કર્તા તરીકે મનાય છે, અને રહે છે ..... ભાવે તે બેધારી તલવાર પર ચાલવા બરાબર છે. (૨)

૧૧) ..... સંસારમાં રહ્યા છતાં અસંગ રહી શક્યા એ જોકે મોટુ આશ્ચર્ય છે. (૬)

૧૪) ..... અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે..... વેદ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. (૩)

૧૫) ..... નું બળ કર્મો કરતાં વધારે છે. (૪)

ઊભી ચાવીઓ :

૧) .....થી તત્વ સિદ્ધિ છે. (૨)

૨) ગમે તેટલી ..... ઓ આવી પડે તથાપિ જ્ઞાની દ્વારા સંસારિક ફળની ઈચ્છા કરવી યોગ્ય નથી. (૩)

૩) ..... એ ઠગનારી છે (૨)

૪) અહો ! સત્પુરુષના વચનામૃત ..... અને સત્ સમાગમ (૨)

૫) જગતમાં ..... ન હોત તો અહીં જ મોક્ષ હોત (૨)

૬) મહાત્મા ..... અને નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક અને સર્વોત્કૃષ્ટ હતી. (૩)

૮) જગતમાં માન ન હોત તો અહીં જ ..... હોત (૨)

૧૦) જેને આત્માનો..... કરવો છે એ ઉંડા વિચાર કરે જ. (૪)

૧૨) સર્વ વીતરાગને પરમ ભક્તિએ ..... હો. (૪)

૧૩) બુદ્ધિ બે પ્રકારે છે સમ્યક્ અને ..... (૪)

FORTHCOMING EVENTS

16 -17 May 2015

Shibir – Divya Vichaar Pushp – Rajnagar, Parli

22 - 25 May 2015

Shibir – Bhakti thi Mukti – Rajnagar, Parli

29 - 31 May 2015

Spiritual Workshop – Satpurusho Na, Antar Charitra – Rajnagar, Parli

04 - 08 June 2015

Raj International Youth Forum Shibir – Rajnagar, Parli

07 June 2015

Param Gyan Sabha- Sarvarpan Divas Celebration – Mumbai

10 – 13 June 2015

Beginners cum Progressive Shibir- Jivan Sanjeevani – Rajnagar, Parli

05 July 2015

Param Gyan Sabha – Mumbai

Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL** at 9 am.
Om Shree Prem Acharayaji's Satsang is available live on
www.rajchandrakp.org & **www.vitraagvigyaan.org**

PUBLISHED BY : Spiritual Impressions Private Limited
108-109, Runwal Commercial Complex, L.B.S. Marg,
Opp. Nirmal Life Style, Mulund (W), Mumbai - 400080.

PRINTED AT : Jayant Printery
352/54, Girgaum Road, Murlidhar Compd.,
Near Thakurdwar PO, Mumbai - 400002.

EDITOR : Dr. Meena Goshar.

From Us... to You

- Current subscription amount is Rs. 300/-, valid for 6 bi-monthly issues (subject to change without notice). Subscription (new or renewal)
- Amount may be deposited by cheque in any branch of HDFC Bank, for credit of 'Spiritual Impressions Pvt.Ltd.' having Current A/c. no. 01432320011590 with Crawford Market, Mumbai
- Branch and payment details, with CORECT AND COMPLETE address, contact number and email id of subscriber, emailed to info@simpl.in to get an acknowledgement.Please allow 2 weeks for processing.
- Ananya Parivartan can be a wonderful gift and we will deliver the first issue to the recipient with a nice (personalized, if you so want) messageon your behalf. Simply, deposit the subscriptions in bank and email details of all recipients to info@simpl.in and let us do the rest.
- Timely delivery is 100% dependent on CORECT AND COMPLETE address. Please carefully check address label on the envelope in which you receive an issue and email required corrections/ additions to info@simpl.in
- Please register your email with us to get intimation of each dispatch as well as a timely reminder, when renewal becomes due so that you do not miss any issue.
- All despatch/ delivery/ subscription related may be emailed to info@simpl.in
- Articles/ contributions for publication in Ananya Parivartan may be sent to - **SANJIV RAWELL** - srrawellco@yahoo.co.in / **MEENA GOSHAR** - mgoshar@yahoo.com

For Subscription and Other Details Contact

Ahmedabad	Ashitbhai Sanghavi	08000323456	ashitsanghvi@live.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kiranjs@yahoo.com
Chennai	Chandaben Doshi	044 32974779	daksha_cal@yahoo.com
Delhi	Keatanbhai Shah	09958916680	keatan.shah@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Paras Vora	09505278201	parasvora9@hotmail.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	sonacreation_jbp@yahoo.co.in
Jamshedpur	Dilipbhai Gandhi	09334048224	bhavingandhi85@hotmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 25900121	info@simpl.in
Pune	Rajen Hemani	09819222403	rajen.hemani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.com

ઉત્તમ દાન – 'જ્ઞાનદાન'

પૂણ્યની કમાણી અને ઉત્તમ દાન –'જ્ઞાનદાન'નો લાભ અવશ્ય લેવા જેવો છે

કહેવાય છે કે જ્ઞાનદાન એ ઉત્તમ દાન છે. વર્ષગાંઠ, લગ્નદિન, પુણ્યતિથિ વિગેરે પ્રસંગો જ્ઞાનદાન માત્રથી સાચી રીતે યાદગાર બની રહે છે. જ્ઞાનદાનના હેતુએ 'અનન્ય પરિવર્તન'ના એક અંકની sponsorship ₹ ૪૧,૦૦૦/- તથા વાર્ષિક (૬ અંકની) ₹ ૨,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. એક અથવા વધુ અંકના sponsor નો સંદેશ, photo સાથે sponsored અંકમાં આપવામાં આવશે. કોઈપણ અંકના પ્રકાશન પેટે આથી ઓછી રકમના મળેલ જ્ઞાનદાનની સ્વીકૃતિ તે અંકમાં જણાવવામાં આવશે. આ સિવાય advertisement દ્વારા પણ જ્ઞાનદાનનો લાભ ઉપલબ્ધ છે. તેના દરો નીચે મુજબ રહેશે.







Sponsorship Contact

સંજીવ રાવલ	-	09820186548
ડૉ. મીના ગોશર	-	09819317038
પ્રતિભા છેડા	-	09324715450

Sponsorship ના Rates આ પ્રમાણે છે

Back Cover	₹	11,000/-
Inside Front Cover	₹	7,500/-
Inside Back Cover	₹	6,000/-
Colour Page	₹	5,000/-

શોભાયાત્રા













મંદિર પૂજન, દ્વાર ઉદ્‌ઘાટન













